RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 89* Date: 25.01.2021 Monday *Page :04 * Rs. 1.00/- *Annual Rs. 351/-

## દેશમાં પેટ્રોલનો ભાવ ઐતિહાસિક સપાટીએ: મુંબઈમાં પેટ્રોલનો ભાવ રૂ. ૧૦૦ નજીક

મુંબઈ,તા.૨૪

બે દિવસની તેજી બાદ આજે પેટ્રોલ ડીઝલના ભાવમાં સામાન્ય જનતાને થોડી રાહત મળી છે. દેશની સરકારી કંપનીઓએ પેટ્રોલ ડીઝલના રેટ્સમાં કોઇ વધારો કર્યો નથી. છેલ્લા કેટલાય દિવસોથી દેશમાં કૂદકેને ભૂસકે પેટ્રોલ ડીઝલના ભાવ વધી રહ્યાં છે. ત્યારે રાજસ્થાનમાં પેટ્રોલની કિંમત રૂપિયા ૧૦૦ નજીક પહોંચી છે. રાજસ્થાનના ગંગાનગરમાં શનિવારે પેટ્રોલની કિંમત રૂપિયા ૯૭.૫૦ પ્રતિ લિટર રહી હતી. જે દેશમાં સૌથી વધુ છે. મધ્યપ્રદેશના ભોપાલમાં પેટ્રોલની કિંમત રૂપિયા ૯૩.૫૬ અને મુંબઈમાં ૯૨.૨૮ પ્રતિ લિટર રહી હતી. જ્યારે આજે રવિવારે મુંબઈમાં આજે ભાવમાં કોઇ વધારો ન થતા પેટ્રોલનાં ભાવ ૯૨.૨૮ રૂપિયા પ્રતિ લીટર છે.

દિલ્હી- પેટ્રોલ ૮૫.૭૦ રૂપિયા અને ડીઝલ ૭૫.૮૮ રૂપિયા પ્રતિ લીટર છે.

મુંબઈ- પેટ્રોલ ૯૨.૨૮ રૂપિયા અને ડીઝલ ૮૨.૬૬ રૂપિયા પ્રતિ લીટર છે.

કોલકાતા- પેટ્રોલ ૮૭.૧૧ રૂપિયા અને ડીઝલ ૭૯.૪૮ રૂપિયા પ્રતિ લીટર છે.

ચેન્નઈ- પેટ્રોલ ૮૮.૨૯ રૂપિયા અને ડીઝલ ૮૧.૧૪ રૂપિયા પ્રતિ લીટર છે.

પેટ્રોલ-ડીઝલના ભાવ રોજેરોજ બદલાતા રહે છે અને સવારે ૬ વાગ્યે અપડેટ થઈ જાય છે. પેટ્રોલ-ડીઝલના રોજના ભાવ એસએમએસ કરીને પણ જાણી શકાય છે. ઈન્ડિયન ઓઈલના ગ્રાહક આરએસપી સાથે શહેરનો કોડ લખીને ૯૨૨૪૯૯૨૨૪૯ નંબર પર અને બીપીસીએલ ગ્રાહક આરએસપી લખીને ૯૨૨૩૧૧૨૨૨૨ નંબર પર મોકલીને જાણકારી મેળવી શકે છે. એચપીસીએલ ગ્રાહક એચપીપ્રાઈસ લખીને ૯૨૨૨૨૦૧૧૨૨ નંબર પર મોકલીને ભાવ જાણી શકે છે.

## પીએમ મોદી જી-૨૦ દાવોસ શિખર સંમેલનમાં સંબોધન કરશે

દાવોસ,તા.૨૪

છ-દિવસીય વિશ્વ આર્થિક સંમેલન (વર્લ્ડ ઈકોનોમિક ફોરમ), જેને 'દાવોસ એજન્ડા ૨૦૨૧' નામ આપવામાં આવ્યું છે તે ૨૫ જાન્યુઆરીથી અહીં શરૂ થવાનું છે. એમાં સંબોધન કરવાનું બહુમાન પ્રાપ્ત કરનાર વિશ્વના ટોચના દેશોના નેતાઓમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. કોરોના વાઈરસ જાગતિક મહાબીમારી ફેલાઈ હોવાથી આ વખતનું સંમેલન ઓનલાઈન માધ્યમમાં યોજાવાનું છે. આ શિખર સંમેલનમાં જો કે અમેરિકાના નવા પ્રમુખ જો બાઈડન અને બ્રિટનના વડા પ્રધાન બોરીસ જોન્સનનો સમાવેશ કરવામાં આવ્યો નથી. દુનિયાના સૌથી સમૃદ્ધ અને શક્તિશાળી દેશોના વડાઓનું આ શિખર સંમેલન વાર્ષિક સ્તરનું હોય છે.

આ વખતના સંમેલનમાં જી-૨૦ રાષ્ટ્રોના વડાઓ અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના વડાઓમાંથી ૧૫ જણની પસંદગી વિશેષ સંબોધન માટે કરવામાં આવી છે. વડા પ્રધાન મોદીનું સંબોધન આવતા ગુરુવારે રાખવામાં આવ્યું છે. સંમેલનમાં ૧૦૦૦થી વધારે જાગતિક સ્તરના નામાંકિત આગેવાનો હાજરી આપશે. આ સંમેલનમાં આર્થિક પરિસ્થિતિ, પર્યાવરણ રક્ષણ, કોરોના વાઈરસ રોગચાળાને કારણે ઊભા થયેલા સામાજિક અને ટેક્નોલોજીકલ પડકારો જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે.

## પુતિનના વિરોધી એલેક્સી નવેલનીની ધરપકડ બાદ ભડકી ઉઠી જનતા

# -૫૦ ડિગ્રીમાં રૂસ રાષ્ટ્રપતિના વિરુદ્ધમાં હજારો લોકો રસ્તા પર, ૩૦૦૦ની ધરપકડ



મોસ્કો,તા.૨૪

રશિયામાં પુતિન સરકાર વિરુદ્ધ વ્યાપક વિરોધ પ્રદર્શન થઈ રહ્યાં છે. જેમાં લાખો લોકોએ ભાગ લીધો છે. વિપક્ષ નેતા એલેક્સી નવેલનીની ધરપકડના વિરોધમાં રશિયામાં ૧૦૦ શહેરોના લોકો રસ્તા પર ઉતરી આવ્યા છે. પોલીસે પણ પ્રદર્શનકારીઓ પર સખ્ત કાર્યવાહી કરતાં ૩૦૦૦થી વધુ લોકોની ધરપકડ કરી છે. નવેલની પત્ની યુલિયાની પણ પ્રદર્શન દરમિયાન અટકાયત કરવામાં આવી છે. મીડિયા રિપોર્ટ મુજબ, મૉસ્કોમાં પોલીસ પ્રદર્શનકારીઓ પર બળપ્રયોગ કરતી જોવા મળી રહી છે. ૧૭ જાન્યુઆરીએ વિપક્ષ નેતા એલેક્સી નવેલની ધરપકડ કરવામાં આવી હતી. નવેલની પુતિનના કટ્ટર આલોચલ તરીકે ઓળખાય છે. ઓગસ્ટ-૨૦૨૦માં રશિયામાં નવેલનીને ઝેર આપવામાં આવ્યું હતુ. જે બાદ તેઓ જર્મની આવી ગયા હતા. બર્લિનથી મૉસ્કો પહોંચવા સાથે જ તેમની અટકાયત કરવામાં આવી. નવેલની પેરોલની શરતોનો ભંગ કરવા મામલે દોષી ઠેરવવામાં આવ્યા છે. જો કે નવેલનીનું કહેવું છે કે, તેમને ચૂપ કરાવવા માટે કાવતરુ ઘડવામાં આવ્યું છે. જે સમયે હજારો સ્મર્થક વિરોધ કરી રહ્યા હતા, ત્યારે ત્યાંનું તાપમાન -૫૦ ડિગ્રીની આસપાસ હતું. આટલી ઠંડી છતાં પ્રદર્શનકારી ત્યાં અડગ રહ્યા અને જ્યારે પોલીસ ત્યાં પહોંચી તો લોકોએ બરફના ગોળા વડે પથ્થરમારો શરૂ કરી દીધો. આ દરમિયાન પોલીસે હજારો પ્રદર્શનકારીઓની ધરપકડ કરી લીધી. પોલીસે નવલનીના પ્રવક્તા અને વકીલની પણ ધરપકડ કરી લેવામાં આવી છે. કહેવામાં આવી રહ્યું છે કે રશિયાના ઓછામાં ઓછા ૬૦ શહેરોમાં એલેક્સી નવેલનીના સમર્થનમાં વિરોધ પ્રદર્શન થઇ રહ્યા છે. તમને જણાવી દઈએ કે જહર ખુરાની બાદ મોતની જંગ જીતીને વતન પરત ફરેલા નવલનીને મોસ્કો એરપોર્ટ પર ધરપકડ કરી લેવામાં આવી હતી. ઘણા રિપોર્ટ્સ દાવો કરવામાં આવ્યો છે કે રશિયાના કેટલાક વિસ્તારોમાં મોબાઈલ નેટવર્કને પણ જામ કરી દેવામાં આવ્યું છે, જોકે તેની સત્તાવાર પુષ્ટિ થઇ નથી. રશિયાના ઘણા વિસ્તારોમાંથી આ પ્રકારના પ્રદર્શનના સમાચાર આવ્યા છે. વિપક્ષી નેતા એલેક્સી નવેલનીને પોલીસે રવિવારે મોસ્કો એરપોર્ટ પર ઉતરતાં જ કસ્ટડીમાં લીધા હતા.

## પેટ્રોલ પંપવાળાઓએ ટ્રેક્ટરમાં તેલ આપવાની રોક લગાવી દીધી

ન્યુ દિલ્હી,તા.૨૪

ગણતંત્ર દિવસે દિલ્હીમાં ખેડૂતોની ટ્રેક્ટર રેલી યોજાવાની છે, જેને લઈને અત્યારથી જ તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. જો કે, પેટ્રોલ પંપવાળાઓએ ટ્રેક્ટરમાં તેલ આપવાની રોક લગાવી દીધી છે. આ પ્રકારનું વિચિત્ર ફરમાન પૂર્વાંચલના ગાઝીપુર પોલીસે જાહેર કર્યુ છે. પોલીસ સ્ટેશનના ઉચ્ચ અધિકારીઓ દ્વારા તેમના વિસ્તારમાં આવતા પેટ્રોલ પંપના સંચાલકોને કલમ ૧૪૪ સીઆરપીસી અંતર્ગત નોટિસ જાહેર કરી કહેવામાં આવ્યુ છે કે, ૨૬ જાન્યુઆરીના રોજ ખેડૂતો દ્વારા અલગ અલગ જગ્યાઓ પર ટ્રેક્ટર માર્ચ તથા અન્ય કાર્યક્રમો કરવાના પ્લાનને જોતા ટ્રેક્ટર માર્ચ પર પ્રતિબંધ લગાવી દીધો છે. આ કાર્યક્રમ અંતર્ગત એવું સૂચિત કરવામાં આવ્યુ છે કે, ૨૬ જાન્યુઆરી સુધી કોઈ પણ ટ્રેક્ટર અથવા કોઈ પણ ડ્રમ, કેનમાં તેલ આપવામાં આવશે નહીં. જેથી શાંતિ વ્યવસ્થા બની રહે. આ આદેશનું ઉલ્લંઘન કરનારા પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## મોદીજીએ ગેસ-ડીઝલ-પેટ્રોલના ભાવોમાં જોરદાર વિકાસ કરી બતાવ્યો: રાહુલ ગાંધી




ન્યુ દિલ્હી,તા.૨૪

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ મોદી સરકારને મોંઘવારી મુદ્દે ઘેરી છે. તેમણે ટ્વીટર દ્વારા મોદી સરકાર પર નિશાન સાધ્યુ છે. રસોઈ ગેસ અને ડીઝલ-પેટ્રોલના વધતા ભાવોને લઈને તેમણે ટ્વીટ કરી છે અને પીએમ મોદી ના નેતૃત્વ વાળી એનડીએ સરકાર પર નિશાન સાધ્યુ છે. રાહુલ ગાંધીએ ટ્વીટર પર લખ્યુ છે મોદીજીએ જીડીપી એટલે કે ગેસ-ડીઝલ-પેટ્રોલના ભાવોમાં જોરદાર વિકાસ કરી બતાવ્યો છે. જનતા મોંઘવારીથી ત્રસ્ત, મોદી સરકાર ટેક્સ વસૂલીમાં મસ્ત, રાહુલ ગાંધીએ ટ્વીટર પર એક અખબારનો સ્ક્રીનશૉટ પણ શેર કર્યો છે જેમાં તેલ અને ગેસની વધતી કિંમતોની તુલના કરવામાં આવી છે.

સ્ક્રીનશૉટમાં જણાવવામાં આવ્યુ છે કે ૧ જુલાઈ, ૨૦૨૦એ જયપુરમાં રસોઈ ગેસના પ્રતિ સિલિન્ડર કિંમત ૫૯૪.૫ રૂપિયા હતી જ્યારે સાત જાન્યુઆરી ૨૦૨૧એ આ રકમ ૬૯૮ રૂપિયા થઈ ગઈ. જયપુરમાં ૧ જુલાઈ ૨૦૨૦એ ડીઝલના ભાવ ૮૧.૩૨ રૂપિયા લિટર હતુ જ્યારે હવે જાન્યુઆરી ૨૦૨૧માં આ ૮૩.૬૪ રૂપિયા થઈ ગયો છે. પેટ્રોલના ભાવોને લઈને લખ્યુ છે કે વર્ષ ૧ જુલાઈ ૨૦૨૦એ પેટ્રોલની કિંમત ૮૭.૫૭ રૂપિયા હતી જે સાત જાન્યુઆરી ૨૦૨૧એ ૯૧.૬૩ રૂપિયા થઈ ગઈ. તમિલનાડુમાં થનારી વિધાનસભા ચૂંટણીને લઈને રાહુલ ગાંધી અહીં ચૂંટણી પ્રચાર માટે પહોંચ્યા છે. તેમણે શનિવારે તમિલનાડુ પહોંચતા જ મોદી સરકાર પર નિશાન સાધ્યુ હતુ. તેમણે કહ્યુ હતુ કે મોદી સરકાર વિરૂદ્ધ મળીને લડીશુ. આ સિવાય તેમણે એમએસએમઈના લોકોની સાથે બેઠક દરમિયાન કહ્યુ હતુ કે યુપીએની સરકાર આવવા પર હાજર જીએસટી નિયમોમાં પરિવર્તન કરવામાં આવશે. યુપીએ આ માટે પ્રતિબદ્ધ છે.

## છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૧૪,૮૪૯ નવા પોઝિટિવ કેસો નોંધાયા,હવે માત્ર ૧.૭૦% એક્ટિવ કેસ

ન્યુ દિલ્હી,તા.૨૪

ભારતમાં કુલ ૧૫,૮૨,૨૦૧ લોકોને કોરોના વેક્સીનેશન કાર્યક્રમ હેઠળ પહેલો ડોઝ આપવામાં આવી ચૂક્યો છે. તેની સાથે સારા સમાચાર એ છે કે હવે માત્ર ૧.૭૦ ટકા એક્ટિવ કેસ રહ્યા છે. આમ રિકવરી રેટમાં નોંધપાત્ર સુધારો જોવા મળી રહ્યો છે. રવિવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૧૪,૮૪૯ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૧૫૫ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૧,૦૬,૫૪,૫૩૩ થઈ ગઈ છે.

ભારતમાં કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૧ કરોડ ૩ લાખ ૧૬ હજાર ૭૮૬ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં ૧૫,૯૪૮ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હાલમાં ૧,૮૪,૪૦૮ એક્ટિવ કેસો છે. ભારતમાં રિકવરી રેટ ૯૬.૮ ટકાએ પહોંચી ગયો છે. બીજી તરફ, અત્યાર સુધીમાં કુલ ૧,૫૩,૩૩૯ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ રવિવારે જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૨૩ જાન્યુઆરી સુધીમાં ભારતમાં કુલ ૧૯,૧૭,૬૬,૮૭૧ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.

નોંધનીય છે કે, શનિવારના ૨૪ કલાકમાં ૭,૮૧,૭૫૨ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. ગુજરાતની વાત કરીએ તો, ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૪૨૩ કેસ નોંધાયા છે. જેની સામે ૭૦૨ દર્દીઓ સાજા થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોવિડ-૧૯ના કારણે એક દર્દીનું મોત થયું છે. રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૪૩૭૫ થયો છે. રાજ્યમાં સાજા થવાનો દર ૯૬.૩૯ ટકા છે. રાજ્યમાં આજે ૩૧,૧૧૬ વ્યક્તિઓને કોરોનાની રસી આપવામાં આવી છે. અત્યાર સુધીમાં કુલ ૭૮,૩૧૯ વ્યક્તિઓનું રસીકરણ થયું છે.

## ખેડૂતોની ટ્રેક્ટર રેલીને મળી લેખિત પરવાનગી, પોલીસને એલર્ટ રહેવા આદેશ

ન્યુ દિલ્હી,તા.૨૪

ફોટો સિંઘુ બોર્ડરનો છે. અહીં ૨૬ જાન્યુઆરીએ યોજાનાર ટ્રેક્ટર પરેડ માટે પંજાબ અને હરિયાણાના ખેડૂતો આ પ્રકારે ટ્રોલીઓ પર પોતાના ટ્રેક્ટર લાવી રહ્યા છે. દિલ્હી પોલીસની ખેડૂતો સાથે બેઠક પૂરી થઈ છે. આ પછી, ખેડૂત નેતા યોગેન્દ્ર યાદવે કહ્યું કે અમારા રૂટ મેપ પર પોલીસની લેખિત પરવાનગી મળી છે. ૨૬ જાન્યુઆરીએ પાંચ રૂટો પર ટ્રેક્ટર માર્ચ કાઢવામાં આવશે. તેમણે કહ્યું કે અમે દિલ્હી નહીં પણ દિલ જીતવા માટે આવી રહ્યા છીએ. ટ્રેક્ટર પરેડ માટેનો માર્ગ તૈયાર ૨૬ જાન્યુઆરીએ ટ્રેક્ટર પરેડ માટેનો નકશો. ગાજીપુર બોર્ડર પર પરેડ માટે ખેડુતોએ માર્ગ તૈયાર કર્યો હતો. એવું કહેવામાં આવ્યું હતું કે પરેડ યુપી ગેટથી શરૂ થશે, જે આનંદ વિહાર સીમાપુરીથી મેરઠ તીરાહ સુધી જશે. પ્રજાસત્તાક દિનની પરેડની સુરક્ષા માટે તૈનાત સીએપીએફ અને અન્ય દળો સાથે તમામ અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓને કિસાન ટ્રેક્ટર રેલી અંગે એલર્ટ કરવા સૂચના આપવામાં આવી છે. દિલ્હી પોલીસ કમિશનરે કહ્યું કે આ વ્યવસ્થા કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે કરવામાં આવી છે.

કેટલાક રિપોર્ટ્સમાં જણાવાય છે કે ખેડૂતો સિંઘુ, ટીકરી, ગાઝીપુર, પલવલ અને શાહજહાંપુર બોર્ડર પોઈન્ટ્સથી દિલ્હીમાં પ્રવેશ કરશે. આ દરમિયાન તેમને શાંતિપૂર્ણ રીતે ટ્રેક્ટર રેલી યોજવાની રહેશે. જો કે, રેલી પછી દેખાવકારોને દિલ્હીમાં રોકાવાની અનુમતિ અપાઈ નથી. તેમને એ બોર્ડર પોઈન્ટ્સ પર પરત જવાનું રહેશે, જ્યાં તેઓ બે મહિનાથી કૃષિ કાયદાઓ વિરુદ્ધ દેખાવો કરી રહ્યા છે. ખેડૂતો લગભગ એક મહિનાથી ટ્રેક્ટર પરેડની તૈયારીઓ કરી રહ્યા છે. પંજાબના અનેક શહેરો અને ગામોમાં તેનું રિહર્સલ કરવામાં આવી રહ્યું છે. પંજાબના અનેક જિલ્લામાં ખેડૂતો ટ્રેક્ટર લઈને દિલ્હી માટે રવાના થઈ રહ્યા છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં

કોરોના નવા કેસની સંખ્યા:૪૧૦

રાજ્યમાં કુલ કેસનો આંકડો

પહોંચ્યો : ૨૫૯૦૯૭

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં

લોકોનાં મૃત્યુ: ૦૧

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા

દર્દીઓની સંખ્યા :૭૦૪

ગુજરાતમાં સાજા થયેલા કુલ

દર્દીઓની સંખ્યા : ૨૫૦૧૫૬

## સીએપીએફ જવાનોને ગૃહપ્રધાનની ભેટ: આયુષ્માન ભારતનો ૨૪ હજાર હોસ્પિટલોમાં મળશે લાભ



ગુવાહાટી,તા.૨૪

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આસામની રાજધાની ગુવાહાટીમાં સેન્ટ્રલ સશસ્ત્ર પોલીસ દળ (સીએપીએફ) જવાનો અને તેમના પરિવારો માટે આયુષ્માન ભારત યોજનાની શરૂઆત કરી હતી. આ પ્રસંગે તેમણે કહ્યું હતું કે, સીએપીએફ યોજના શરૂ કરવા માટે આજથી સારો દિવસ કોઈ ન હોઈ શકે. સુભાષ બાબુ એવા વ્યક્તિત્વ હતા કે જેમને કોઈએ કોઈ એવોર્ડ આપ્યો નથી, જનતા નેતાજીનો આદર કરીને તેમને યાદ કરે છે. નેતાજીએ સૂત્ર આપ્યો – તુમ મુજે ખૂન દો, મેં તુમ્હે આઝાદી દુંગા. આ સૂત્ર હજી પણ દેશના યુવાનોમાં ચેતના અને ઉત્સાહને ભરે છે. દેશભક્તિને પ્રોત્સાહન આપે છે.

તેમણે કહ્યું, 'આયુષ્માન સીએપીએફ યોજના હેઠળ સીએપીએફના લગભગ ૧૦ લાખ જવાનો અને અધિકારીઓ અને ૫૦ લાખની આસપાસ તેમના પરિવારના સભ્યો દેશની અંદર ૨૪ હજાર હોસ્પિટલોમાં માત્ર કાર્ડ લઈને તેને સ્વેપ કરી સારવાર કરાવી શકે છે. અમિત શાહે કહ્યું, "સીએપીએફના તમામ જવાનો અને તેમના પરિવારોને આરોગ્ય કાર્ડ આપવામાં આવશે. દર વર્ષે, સીએપીએફના જવાનોની આરોગ્ય પરીક્ષણો કરવામાં આવશે. હેલ્થ કાર્ડથી તમે કોઈપણ સમયે તમારી સ્વાસ્થ્ય સંબંધિત માહિતી મેળવી શકો છો. કોરોના સામેની લડતમાં સીએપીએફના જવાનો, પોલીસ કર્મચારીઓ ફ્રન્ટ લાઇન પર ઉભા હતા.

આ દરમિયાન ઘણા સૈનિકોને પણ ચેપ લાગ્યો હતો, ઘણા સૈનિકોએ પણ જીવ ગુમાવ્યો હતો. હું તમામ સૈનિકોને અભિનંદન આપું છું કે તમે આ લડતમાં સફળ ભૂમિકા ભજવી. શાહે કહ્યું, 'કોરોના રસી પર જે રાજનીતિને કરી રહ્યા છે, તેઓને હું કહેવા માંગુ છું કે રાજકારણ કરવા માટે બીજા ઘણા પ્લેટફોર્મ છે. જે રસી બનાવવા માટે આપણા વૈજ્ઞાનિકોએ સખત મહેનત કરી છે તેના પર તમે કેમ રાજકારણ કરો છો? તેમણે કહ્યું, 'પ્રારંભિક તબક્કે ત્યાં ઘણી શંકા હતી કે ૧૩૦ કરોડની વસ્તી ધરાવતો દેશ, જેની આરોગ્ય સુવિધાઓનો બીજો વર્ગ માનવામાં આવે છે, તે તેની સાથે કેવી રીતે કાર્યવાહી કરશે.

## તંત્રી સ્થાનેથી...

# ધોરણ૧૨ની પરીક્ષામાં સૌ પ્રથમ પરિક્ષાર્થી બનશે દિવ્યાંગ દીકરી કલગી રાવલ



સમગ્ર દેશમાં શરૂ થઈ રહેલી નેશનલ ઓપન સ્કૂલિંગની ધોરણ૧૨ની પરીક્ષામાં અમદાવાદની સૌ પહેલી દિવ્યાંગ દીકરી કલગી રાવલ પણ પરિક્ષાર્થી બનશે, કોરોનાના ૯ મહિના દરમિયાન સામાન્ય વિદ્યાર્થીઓ ઓનલાઈન ભણી રહ્યા હતા તયારે કલગીએ કોઈ પણ શિક્ષક કે શાળા વિના ઘેર બેસીને એનઆઈઓએસની અંગ્રેજી મીડીયમની પરીક્ષાની તૈયારી કરી હતી. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ કે સેન્ટ્રલ બોર્ડનીપરીક્ષા તો મે માં યોજાશે પણ ગુજરાત માં સૌથી પહેલા નેશનલ ઓપન સ્કૂલિંગની ધોરણ૧૨ની ઓક્ટોબરમાં મોકૂફ રહેલી પરીક્ષા ૨૭ જાન્યુઆરીથી યોજાઈ રહી છે, આ પરીક્ષા માટે અમદાવાદની દિવ્યાંગ કલગી રાવલે પણ ફોર્મ ભર્યું હતું અને કોરોનાના સમય દરમિયાન ઘેર બેસીને કોઈ પણ શિક્ષક કે શાળા સિવાય જાતે મોબાઈલના માધ્યમથી પરિક્ષા ની સંપૂર્ણ તૈયારી કરી હતી,

કલગી રાવલ એ અમદાવાદ ની પહેલી વિદ્યાર્થીની છે કે, જે ધોરણ ૧૦ પછી સીધી ધોરણ૧૨ ની પરીક્ષા આપશે, કલગી એ પહેલી વિદ્યાર્થીની છે કે જે કોરોના સમયમાં યોજાનારી ધોરણ૧૨ ની નેશનલ ઓપન સ્કૂલિંગની પરીક્ષામાં બેસશે. કલગી એ અગાઉ પણ ધોરણ ૫ સુધી સામાન્ય શાળામાં અભ્યાસ કર્યા બાદ ડાયરેક્ટ ધોરણ૧૦ ની પરીક્ષા ગુજરાત બોર્ડમાંથી આપી હતી, તે પછી સીધી જ ધોરણ૧૨ ની નેશનલ ઓપન સ્કૂલિંગમાંથી પરીક્ષા આપી રહી છે, એટલે કે ધોરણ૧૦ માં ગુજરાતના સામાન્ય વિદ્યાર્થીઓ સાથે કલગી રાવલે હરીફાઈ માં રહી ને ધોરણ૧૦ માં ૭૬ ટકા સાથે પાસ થઈ હતી,

હવે સીધી જ ધોરણ ૧૨ માં એનઆઈઓએસ માં દેશભરના વિદ્યાર્થીઓ સાથે હરીફાઈ માં પરીક્ષા આપશે. આખા ગુજરાતમાં ચાલતી વિવિધ અંધ શાળાઓમાં અંગ્રેજી માધ્યમ નો અભ્યાસ કરાવવામાં આવતો નથી તયારે કલગીએ પહેલા ધોરણ થી જ અંધશાળા ને બદલે સામાન્ય શાળામાં નોર્મલ વિદ્યાર્થીઓ સાથે અભ્યાસ કર્યો છે અને પોતાની અલગ ઓળખ ઉભી કરી રહી છે, કલગી ની શૈક્ષણિક કારકિર્દી માં તેણે કયારેય અંધ વ્યક્તિ માટેની બ્રઇલ લિપિમા અભ્યાસ કર્યો નથી પણ ટેકનોલોજીના માધ્યમથી મોબાઈલ ફોન અને લેપટોપના ઉપયોગની સાથે પરિવાર અને મિત્રોની મદદથી આગળ વધી રહી છે.

# લાવ ઈસ્ત્રી ફેરવી દઉં દેશભક્તિને, ફક્ત પ્રસંગ પૂરતી જ એ પહેરવાની છે

મેં એક ભાઈ સાથેની અમારી વાતચીતમાં આ પંક્તિ ટાંકી એમાં તો જાણે એ ભાઈને એટલું તો લાગી આવ્યું કે એમણે તરત જ મને એ કેટલાં દેશભક્ત છે એ ગણાવવાનું શરુ કરી દીધું. મને કહે, ×અરે બેન, હોતું હશે, હું તો બહુ જ દેશપ્રેમી છું, ૧૫ મી ઓગસ્ટ હોય કે ૨૬ જાન્યુઆરી હું ગમે ત્યાંથી આપણો ધ્વજ લઈ આવું અને મારી ગાડીમાં મૂકું, મારા ઘરની બાલ્કનીમાં પણ લહેરાવું અને મારાં છોકરાંઓને પણ આપું×...એટલે મેં વચ્ચે જ ટાપસી પૂરી, ×અચ્છા, પેલા પ્લાસ્ટિકનાં ધ્વજ હોય છે એ જ ને ? (હું મન માં બબડી જે બીજાં દિવસે જમીન પર રીતસર ધુળમાં આળોટતાં જોવા મળે છે) એટલે કહે, ×હા વળી એ જ તો. અરે ! આ તો સાચો ધ્વજ ક્યાં મળે એ ખબર નથી નહીતર એ પણ લઈ આવું અને લહેરાવું મારા ઘરની બાલ્કનીમાં. બધાં જુએ! '' એટલે સામાન્ય માણસ માટે ધ્વજનાં ઉપયોગ વિશેના નિયમોથી સંપૂર્ણ અજાણ છે એવી મારી ધારણા બિલકુલ સાચી પડી.

હજી હું કંઈ આગળ કહું એ પહેલા એમણે એમનો દેશપ્રેમ આગળ ચલાવ્યો અને કહે, ×હું તો આપણા ક્રિકેટરો દેશ માટે જીતીને આવે એટલા માટે કેટલી પ્રાર્થના કરું ને કેટલો સપોર્ટ કરું છું ખબર છે? એક પણ મેચ જોવા જવાનું છોડું નહિં× એટલે મેં પાછું ઉમેર્યું, ×અચ્છા, ક્રિકેટપ્રેમી હોવું એટલે દેશપ્રેમી હોવું? જોકે એ મારા પ્રશ્નાર્થનો ભાવાર્થ સમજ્યાં જ નહિં અને આગળ હાંકે રાખ્યું અને કહે, ×અરે બહેન! શું વાત કરું તમને, આપણા સૈનિકો પર જેટલી પણ ફિલ્મો બની છે એ બધી મેં જોઈ છે.× એમણે નામ પણ ગણાવવાનાં ચાલુ કર્યાં એટલે એમને અધવચ્ચે જ અટકાવ્યા. (હવે તો જરા અકળાઈને) મારાથી બોલાઈ ગયું, ×ફિલ્મોમાં સૈનિકોનો માત્ર કિરદાર ભજવે છે એ ફિલ્મો તમે જોઈ છે અને યાદ છે એ તમારો દેશપ્રેમ છે? ×જોકે એ મારા ચહેરા પરની અકળામણ સાથેનો પ્રશ્નાર્થ કળવામાં સંપૂર્ણ અસક્ષમ છે એ સ્પષ્ટ વર્તાતું હતું. જો કે પછી મને પણ એ કહેવત યાદ આવી ×ભેંસ આગળ ભાગવત× કદાચ આને જ કહેવાતું હશે કે શું? એટલે હું મૂળ મુદ્દા પર પાછી આવી ગઈ, જ્યાંથી અમારી વાતચીત શરુ થયેલી અને એ હતો એમનો કાલનો ૨૬ જાન્યુઆરીનો પ્લાન.

મેં તરત જ કહ્યું, ×એટલે ટૂંકમાં કાલે આખો દિવસ જલસા એમ ને? ઓફિસે તો જવાનું નહિં હોય.× એટલે પાછા હક્કથી કહે,×હાસ્તો બહેન, કાલે તો જાહેર રજા એટલે એય ને આરામથી ઊઠીશું, પછી મસ્ત વાડીગામનાં ગરમાગરમ ફાફડા લેતો આવીશ.× મેં વળી કટાક્ષમાં કીધું, ×લે..જલેબી નહિં?× તો પાછા ગર્વ થી કહે, ×એ તો ફાફડા હોય એટલે જલેબી સમજી જ લેવાનું હોય ને (જેઠાલાલનાં ફાફડા જલેબીની જોડી પણ એમનાં જેટલી જ પ્રખ્યાત છે એ મને આજે જ સમજાયું). મસ્ત ગરમાગરમ નાસ્તો કરી તૈયાર થઈ લંચ પહેલાં જરા દોસ્તોને મળી ગપ્પા મારીશું. પછી જમી કરીને ટેસથી બપોરે એકાદ દેશભક્તિની ફિલ્મ જોઈશું અને પછી થોડો આરામ. સાંજે જોઈશું, છોકરાઓને બહાર કશેક મોલમાં કે ગાર્ડનવાળી જગ્યા એ લઈ જઈશું એટલે એ લોકો પણ ખુશ. પાછો અમારા શ્રીમતીજીનો ઓર્ડર છે કે સાંજે તો રસોડું બંધ જ રહેશે હો, એક દિવસ અમને પણ તો શાંતિ જોઈએ કે નહિં એટલે ડિનર બહાર જ પતાવીશું.× મેં પાછું કટાક્ષ માં કહ્યું,× વાહ! ખુબ સરસ પ્લાન છે હોં, ૨૬ જાન્યુઆરીનો ..× અને મનમાં ને મનમાં બબડતા-બબડતા ત્યાંથી જલ્દીથી ખસી જવામાં જ મેં શાણપણ સમજ્યું.

આટલી વાતચીત મારાં માટે પૂરતી હતી એ સમજવા કે કદાચ વર્તમાન સમયમાં આ ઘર ઘરની કહાની બની ગઈ છે. અમુક અપવાદોને બાદ કરતા શું ખરેખર આજ રીતે આ બધાં લોકો એમનાં દેશ પ્રત્યેના પ્રેમ ને છતો કરે છે અથવા એમના દેશપ્રેમની વ્યાખ્યા શું આ જ છે? આ ભાઈ જે પ્લાસ્ટિકનાં ધ્વજ માટે આટલા ઉત્સાહી જણાતાં હતાં શું એમને ખબર પણ છે કે ૨૨ જુલાઈ ૧૯૪૭ ના દિવસે બંધારણ સભા દ્વારા વર્તમાન ત્રિરંગાના આકાર અને પ્રકાર નિશ્ચિત કરાયા હતા? કે દેશ આઝાદ થયા બાદ બંધારણીય સભામાં પંડિત જવાહરલાલ નહેરૂએ ૨૨ જુલાઈ ૧૯૪૭ માં વર્તમાન ત્રિરંગા ધ્વજને રાષ્ટ્રીય ધ્વજ જાહેર કર્યો હતો? શું એમને ખબર છે કે સરકારી કર્મચારીઓ કે મકાનો સિવાય સામાન્ય માણસ માટે પણ ધ્વજનાં ઉપયોગ અંગે કેટલાક નિયમો છે? કાગળના ધ્વજ કચરાપેટીમાં એકઠાં થાય છે એ રાષ્ટ્રીય ગુનો બને. જોકે આપણે ત્યાં એની સામે કોઈ પગલાં લેવાતાં ન હોવાથી કોઈ પણ રાષ્ટ્રીય દિવસની ઉજવણી પછી ઠેર-ઠેર કાગળના ધ્વજના ઢગલાં જોવા મળે છે જે તમામ દેશવાસીઓ માટે અત્યંત શરમજનક બાબત છે.

ફ્લેગ કોડ મુજબ રાષ્ટ્રીય સ્મારક, રાષ્ટ્રીય કચેરી, રાજ્યોના પ્રધાન અને સંસદસભ્યો સિવાય કોઈ રાષ્ટ્રધ્વજનો ઉપયોગ કરી શકતાં નહોતાં, પણ ૨૦૦૨ માં સત્તાવાર રીતે એવી પરવાનગી મળી કે રાષ્ટ્રધ્વજના નીતિનિયમ સાથે એ ધ્વજનો કોઈ સામાન્ય વ્યક્તિ પણ વપરાશ કરી શકે છે. સામાન્ય માણસ પણ રાષ્ટ્રધ્વજનો ગર્વપૂર્વક ઉપયોગ કરી શકે એ પ્રકારનો ચુકાદો લઈ આવવાનું કામ નવીન જિન્દલે કર્યું હતું. નવીન જિન્દલે ૭ વર્ષ સુધી આ માટે સંઘર્ષ કર્યો અને છેવટે ૨૦૦૨ માં તેમની માંગણી સ્વીકારીને કેન્દ્ર સરકારે રાષ્ટ્રધ્વજનો ઉપયોગ સામાન્ય વ્યક્તિ પણ ગર્વભેર કરી શકે એ માટે પરવાનગીઆપી. શું એ ભાઈને આમાંની એક પણ વાતની જાણ હશે? ખાદીના એક ટુકડામાંથી બનેલો આપણો ધ્વજ એ ફક્ત કાપડનો ટુકડો ન રહેતાં આખા દેશનો આત્મા છે અને આપણી આઝાદીનું પ્રતિક છે. એનું મૂલ્ય શું આવા લોકો સમજે છે ખરાં?

આ ભાઈ જેવાં તો લાખો, કરોડો લોકો એમ સમજતાં હશે કે દેશદાઝ કે દેશનાં જવાનો પર બનેલી ફિલ્મ જોવી કે યાદ રાખવી એ દેશપ્રેમ છે. કોઈ ફિલ્મમાં દેશ માટે ફના થઈ જવાનો અભિનયકરવો અને પોતાના વતન માટે હકીકતમાં એક પણ સેકન્ડનો વિચાર કર્યા વગર પ્રાણની આહુતિ આપી દેવી એનો ફરક આપણાં જેવાં સામાન્ય લોકો સમજાય છે ખરો? ઈીઙ્ગ ની ક્ષ્રૈકી અને દ્બિઙ્ગ ની ક્ષ્રૈકી નો દૂર દૂર સુધી કોઈ સંબંધ નથી એ તો આવા બહાદુર જવાનોની માતા, પત્ની કે સંતાનોને પૂછીએ તો ખબર પડે. સાદર પ્રણામ આવી પત્નીને, માતાને અને એમના સંતાનોને. આજે આપણે સહુ આપણા ઘરોમાં સુરક્ષિત છીએ કારણકે આવા વીર જવાનો દેશને સાચવવાં માટે અડીખમ ઊભા છે. ભારતની સેના દેશની સીમાઓના રક્ષણ માટે કટિબદ્ધ છે ,વાયુદળ, નૌસેના અને લશ્કરી રૂપે.

મેરી કોમ, મિલ્ખાસિંઘ, પાનસિંહ તોમરનું જેવા કેટલાય લોકોનાં નામ પણ ઘર ઘરમાં જાણીતાં થયાં એનું કારણ, લોકપ્રિય કલાકારોએ એમના જીવન પર આધારિત ફિલ્મો બનાવી. આપણા માટે આ ખુબ શરમજનક બાબત છે કે આવી પ્રતિભાનો પરિચય લોકો સુધી પહોંચાડવા એ લોકોનો સહારો લેવો પડે છે જે લોકો માત્ર એ રમત રમવાનો અભિનય કરી જાણે છે. જયારે હકીકતમાં કેટકેટલી પ્રતિકુળતાઓનો સામનો કરી, પરિવાર સાચવતાં-સાચવતાં પણ ભારે પરિશ્રમ કરી વૈશ્વિક સ્તરે ભારતનું નામ રોશન કરનાર આવી વિરલ પ્રતિભાઓને હાંસિયામાં ધકેલી દેવામાં આવે છે. ટૂંકમાં ભુલેચુકે પણ લોકનજરે ચઢેલા અને અનોખી સિદ્ધિ મેળવનારા રમતવીરોને કચકડે મઢીને એમની સિદ્ધિઓને પોતાની લોકપ્રિયતામાં વટાવવાનો ખુબ સરળ માર્ગ બોલીવુડનાં દિગ્દર્શકો અપનાવતાં હોય છે. આપણે મોંઘીદાટ ટિકિટો ખરીદીને આવી ફિલ્મો જોવાં જઈએ છીએ પણ હકીકતમાં એમના જીવન પર આધારિત ફિલ્મો બન્યાં વગર કેટલા લોકો આ વિશે જાણવા તત્પર હોય છે કે પોતાના સંતાનો સાથે આવા વિષયો પર ચર્ચા કરે છે કે એમને પ્રેરિત કરે છે?

આ ભાઈ જેવા તો કેટલાંય લોકો હશે જેમનો દેશપ્રેમ ફક્ત ક્રિકેટ રમાતી હોય એ વખતે જ પૂરજોશમાં ઉછાળા મારે છે. ક્રિકેટમાં જીતવું એટલે જાણે જંગ જીત્યાં બરાબર હોય છે અને જો ભૂલેચૂકે હારી ને આવે તો-તો માર્યા ઠાર, એવી તો જોયા જેવી થાય. રમતને માત્ર એક રમત તરીકે જોતા આપણે ક્યારે શીખીશું? રમત-ગમતમાં કોઈ એક જ જીતે છે એટલે સ્વાભાવિક રીતે જ બીજો હારે છે તો એને ખેલદિલીપૂર્વક સ્વીકારતાં ક્યારે થઈશું? અન્ય રમત ગમતોને પણ આટલાં જ ઉત્સાહથી વધાવી ખેલદિલીપૂર્વક માણતાં ક્યારે થઈશું? વૈશ્વિક સ્તર પર રમાતી ઓલમ્પિક્સ જેમાં ખરેખર ભારતનું નામ રોશન કરવાનું હોય છે એમાં ભાગ લેવા માટે કેટલા રમતવીરો આપણે તૈયાર કરીયે છીએ? છેલ્લા થોડાં વર્ષોમાં ભારત આ બધી સ્પર્ધાઓમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ખુબ સરસ દેખાવ કરી રહ્યું છે અને વિવિધ મેડલ પણ જીતી રહ્યું છે પણ એ જાણવાની તસ્દી કેટલાંકને લેવી છે? એ બધાં રમતવીરોને પ્રોત્સાહન કે સહકાર આપવાની કેટલાંની તૈયારી છે? (કાઢનારા આમાં પણ ફક્ત સરકારનો જ દોષ કાઢશે પણ આપણે બધાં પણ એટલા જ દોષી છીએ એ સત્ય આપણે ક્યારે સ્વીકારીશું?)

ભારે હૈયે પરાજયનો ભાર ઊંચકી વતન પરત આવતાં ક્રિકેટરોની હાલત કફોડી થયાનાં કે હિંસાત્મક પ્રવૃત્તિઓ બન્યાનાં કિસ્સા પણ આપણે ક્યાં નથી વાંચ્યા. ક્રિકેટ જે આપણી રાષ્ટ્રીય રમત નથી પણ મારા મતે તો એને રાષ્ટ્રીય રમત ઘોષિત કરી જ દેવી જોઈએ જેથી મોટા ભાગનાં લોકોની આ રીતસરની ઘેલછા કે ગાંડપણ જોઈને દુ:ખ તો ન થાય, એવું તો ન લાગે કે આપણી રાષ્ટ્રીય રમત સાથે અન્યાય થાય છે. આ ભાઈ જેવાં તો લાખો કરોડો લોકો હશે આપણા દેશમાં જેમને ક્રિકેટની લગતી વર્ષો જૂની માહિતી પણ મોંઢે હશે. કોણે કંઈ મેચમાં કેટલો સ્કોર કરેલો ને કેટલી વિકેટો લીધેલી વગેરે વગેરે... પણ શું એમને આજનાં દિવસનો ઈતિહાસ જાણવામાં રસ છે? શું આ બધા લોકોને ખબર પણ છે કે બંધારણ સભાની પ્રથમ બેઠક ડિસેમ્બર ૯, ૧૯૪૬નાં રોજ મળી હતી કે ૨૯ ઓગસ્ટ ૧૯૪૭ ના રોજ બંધારણ ઘડવાની સમિતિ રચવામાં આવી હતી?

આપણે બધાં જ આપણાં અભ્યાસક્રમમાં આ ભણી ચૂક્યાં છીએ કે બંધારણ સભાના કાર્યકારી અધ્યક્ષ ડો.સચ્ચિદાનંદ સિંહા હતાં. બંધારણની ખરડા સમિતિનાં અધ્યક્ષ ડો. બી.આર.આંબેડકર હતા. જયારે બંધારણ સભાના પ્રમુખ ડો.રાજેન્દ્ર પ્રસાદ હતા. ડો. ભીમરાવ આંબેડકરની અધ્યક્ષતામાં ભારતીય બંધારણની રચના માટે સમિતિની રચના કરવામાં આવી હતી. વિશ્વભરના અનેક દેશોનાં બંધારણોનો ઝીણવટભર્યો અભ્યાસ કરી, લંબાણપૂર્વકની બેઠકો, ચર્ચા વિચારણા તથા સંશોધન બાદ ભારતે વિશ્વના સૌથી મોટાં લેખિત બંધારણની રચના કરી હતી. આ નવા બંધારણને ૨૬ મી નવેમ્બર, ૧૯૪૯ ના રોજ બંધારણ સભાએ મંજૂરી આપતા ૨૬ મી નવેમ્બરના દિવસને બંધારણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે અને આ બંધારણનો અમલ ૨૬ મી જાન્યુઆરી, ૧૯૫૦ થી કરવામાં આવ્યો હતો. હજી પણ એ ભાઈ સાથેની વાત મનમાં ઘોળાયા કરે છે. શું ખરેખર આપણો સ્વર્ણિમ ઈતિહાસ જાણવામાં લોકોને રસ રહ્યો છે ખરો? ખેર આજે તો આ ભાઈનો પ્લાન સાંભળી મન વ્યાકુળ છે એટલે આપણા બંધારણ વિશેની રસપ્રદ અને જાણવા જેવી માહિતી તથા બાકીની અગત્યની વાત કાલનાં લેખમાં કરીશ.

**- Vaibhavi joshi**

**અનુસંધાન ભાગ-૨ ૨૬ જાન્યુઆરી ના રોજ પ્રસિદ્ધ થશે.**

# ઈડીએ હરિયાણા સ્થિત કંપની અને તેના ડાયરેક્ટરો સામે મની લોન્ડરિંગ ચાર્જશીટ દાખલ કરી

ન્યુ દિલ્હી,તા.૨૪

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ઈડી)એ હરિયાણા સ્થિત કંપની અને તેના ડાયરેક્ટરો સામે મની લોન્ડરિંગ ચાર્જશીટ દાખલ કરી છે. આ કંપની અને તેના ડાયરેક્ટરો પર પોન્ઝી એટલે કે મલ્ટી લેવલ માર્કેટિંગ સ્કીમ દ્વારા ૩૧ લાખ રોકાણકારો સાથે છેતરપિંડી આચરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે તેમ ઈડીના અધિકારીઓએ એક નિવેદનમાં જણાવ્યું છે. ઈડીના અધિકારીઓએ જણાવ્યું છે કે હિસાર સ્થિત ફ્યુચર મેકર લાઈફકેર પ્રાઈવેટ લિમિટેડ અને તેના બે ડાયરેક્ટરો રાધે શ્યામ અને બંસી લાલ સામે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ(પીએમએલએ)ની વિવિધ જોગવાઈઓ હેઠળ ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે.

ઈડીના સૂત્રોના જણાવ્યા અનુસાર પંચકુલાની સ્પેશિયલ પીએમએલએ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. આ અગાઉ એજન્સીએ આરોપી કંપનીઓની ૨૬૧.૩૫ કરોડ રૂપિયાની મિલકતો ટાંચમાં લીધી હતી. ઈડીના નિવેદન અનુસાર હરિયાણાના રહેવાસી રાધે શ્યામ અને બંસી લાલે ફ્યુચર મેકર લાઈફ કેર પ્રાઈવેટ લિમિટેડ અને એફએમએલસી ગ્લોબલ માર્કેટિંગ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપનીઓ શરૂ કરી હતી.

ઈડીએ વધુમાં જણાવ્યું હતું કે બંને ડાયરેક્ટરોએ આ બંને કંપનીઓ દ્વારા નિર્દોષ રોકાણકારોને છેતર્યા હતાં. આ સ્કીમમાં નિર્દોષ લોકોને સ્કીમના સભ્ય બનાવવાની લાલચ આપવામાં આવતી હતી. લાખો લોકોને છેતરવા બદલ હરિયાણા અને તેલંગણા પોલીસે દાખલ કરેલી એફઆઈઆરને આધારે ઈડીએ મની લોન્ડરિંગનો કેસ દાખલ કર્યો હતો.

# લાલૂ યાદવ એઈમ્સમાં દાખલ: ન્યુમોનિયા અને શ્વાસ લેવામાં તકલીફ

ન્યુ દિલ્હી,તા.૨૪

ચારા કૌભાંડમાં સજા કાપી રહેલા બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલૂ પ્રસાદ યાદવને(૭૨) શનિવારે એર એમ્બ્યુલન્સ દ્વારા દિલ્હી એઈમ્સમાં દાખલ કરાવવામાં આવ્યા છે. આ પહેલા તે રાંચી રીમ્સમાં દાખલ હતા. આરઆઈએમએસના ડો. કામેશ્વર પ્રસાદના જણાવ્યા પ્રમાણે, 'લાલૂને બે દિવસથી શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી. તેમને ન્યુમોનિયા પણ થઈ ગયો. તેમની ઉંમરને ધ્યાનમાં રાખતા સારી સારવાર માટે તેમને દિલ્હી શિફ્ટ કરવા વધુ યોગ્ય લાગ્યું'. મળતી માહિતી પ્રમાણે, લાલૂના ફેફસામાં પાણી ભરાઈ ગયું છે. લાલૂની હેલ્થ કન્ડીશનના આધારે તેમને બહાર શિફ્ટ કરવા અંગે નિર્ણય લેવા માટે ૮ સભ્યોનું મેડિકલ બોર્ડ બનાવાયું હતું. ઝારખંડના જેલ આઈજી બીરેન્દ્ર ભૂષણે કહ્યું કે,મેડિકલ બોર્ડની ભલામણ પછી જ લાલૂને દિલ્હી શિફ્ટ કરવાની મંજૂરી આપવામાં આવી છે. તેમના સ્વાસ્થ્ય અંગે અમને દર સપ્તાહે અપડેટ મળતા રહેશે. જો જરૂર પડશે તો તેમને દિલ્હીમાં વધુ સમય સુધી રહેવાની મંજૂરી આપવામાં આવી શકે છે. આરજેડીના બિહાર પ્રમુખ અભય કુમાર સિંહે જણાવ્યું કે, રાંચી એરપોર્ટ પરથી લાલૂ શનિવાર સાંજે ૭.૩૦ વાગ્યે રવાના થયા હતા, લગભગ ૯.૩૦ વાગ્યે તે દિલ્હી પહોંચી ગયા. તેમની સાથે પત્ની રાબડી દેવી, દીકરો તેજસ્વી અને દીકરી મીસા પણ હાજર હતા. લાલૂનો પરિવાર ૨૨ જાન્યુઆરીએ જ રાંચી પહોંચી ગયો હતો. તેજસ્વીએ જણાવ્યું હતું કે, પિતાની સ્થિતિ ચિંતાજનક છે. આ સંબંધમાં મે ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન સાથે પણ વાત કરી. આ પહેલા ૨૨ જાન્યુઆરીએ જ ઝારખંડ હાઈકોર્ટે લાલૂના જેલ મેન્યુઅલન ઉલ્લંઘન કેસમાં રીમ્સના અધિકારીઓ, જેલ પ્રશાસન અને રાજ્ય સરકારની ઝાટકણી કાઢી હતી.

# ટીકટોક સહિત ચાઇનીઝ એપ પર પ્રતિબંધ યથાવત, આપી નોટીસ

ન્યુ દિલ્હી,તા.૨૪

શોર્ટ વીડિયોઝ શેરિંગ એપ ટિકટોક સહિત અન્ય અનેક ચાઈનીઝ એપ્સ પર પ્રતિબંધ મૂક્યો છે. ભારત સરકારે આ દરેક એપ્સને નોટિસ મોકલી છે. આ કેસની નજીકના એક સ્ત્રોતે નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રાલયે પ્રતિબંધિત એપની સમીક્ષા કર્યા બાદ નોટીસ પાઠવવામાં આવી છે.

ટિકટોકના સંપર્કથી સરકારની તરફથી નોટિસ મળ્યાની પુષ્ટિ થઈ છે. તેઓએ કહ્યું છે કે અમે નોટિસનું મૂલ્યાંકન કરી રહ્યા છીએ અને તેનો જવાબ આપીશું. ભારત સરકાર દ્વારા ૨૯ જૂને જાહેર કરાયેલા નિર્દેશમાં ટિકટોકનું પણ નામ હતું. અમે સતત સ્થાનીય કાયદા અને નિયમોનું પાલન કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ અને સરકારની કોઈ પણ ચિંતાનું સમાધાન કરવાનો શ્રેષ્ઠ પ્રયાસ પણ કરીશું. અમારા દરેક યૂઝર્સની ગોપનીયતા અને સુરક્ષા નક્કી કરવાનું અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. ગયા વર્ષે જૂનમાં ટિકટોક સહિતની અન્ય ૫૯ ચાઈનીઝ એપ્સ પર બૅન લગાવાયો અને પછી તેને બંધ કરી દેવાઈ. તેમાં યૂસી બ્રાઉઝરના એપ્સ પણ સામેલ હતા. સરકારે ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટના સેક્શન ૬૯-એના આધારે ૫૯ ચાઈનીઝ એપ્સ પર બૅન લગાવ્યો છે.

# પીએમ મોદીની એક તસવીરે ૨૦ કલાકથી ઓછા સમયમાં ૧૦ લાખથી વધુ લાઈકસ મેળવી



ન્યુ દિલ્હી,તા.૨૪

સોશિયલ મીડિયા સાઈટ ફેસબુક પર વડા પ્રધાન નરેન્દ્ર મોદીની એક તસવીરે રેકોર્ડ તોડ્યો છે. ૨૦ કલાકથી ઓછા સમયમાં ૧૦ લાખથી વધુ લોકોએ તેને લાઈક કરી છે. જયારે પીએમ મોદી કોલકાતા પહોંચ્યા ત્યારે આ ફોટો ફેસબુક પર મૂકવામાં આવ્યો હતો. વડાપ્રધાન ગઈકાલે (શનિવારે) નેતાજી સુભાષચંદ્ર બોઝને શ્રદ્ધાંજલિ પાઠવવા અને કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલયના અનેક કાર્યક્રમોમાં ભાગ લેવા ૧૨૫ મી જન્મજયંતિ નિમિત્તે કોલકાતા પહોંચ્યા હતા. કોલકાતા પહોંચ્યા બાદ આ તસવીર પીએમ મોદીના એકાઉન્ટથી શેર કરવામાં આવી હતી.

તસ્વીરમાં તે વિમાનમાંથી બહાર આવતા નજરે પડે છે. વડા પ્રધાન સાદા કુર્તા-પાયજામા પહેરીને શાલ ઓઢેલા જોવા મળે છે. પોસ્ટમાં લખ્યું છે કે, "હું નેતાજી બોઝને શ્રદ્ધાંજલિ પાઠવા કોલકાતા પહોંચ્યો છું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૫ મી જન્મજયંતિ નિમિત્તે કોલકાતાના વિક્ટોરિયા મેમોરિયલ ખાતે આયોજિત કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ત્યારબાદ તેમણે અનેક બંગાળી ફિલ્મ કલાકારો સાથે ચા પર ચર્ચા કરી.

ફિલ્મ ઉદ્યોગના સૂત્રોએ જણાવ્યું હતું કે આ દરમિયાન મોદીએ અભિનેતા રૂદ્રનીલ ઘોષ, ઈન્દ્રની હલ્દર અને પ્રસેનજિત ચેટર્જી સાથે વાતચીત કરી હતી. વિક્ટોરિયા મેમોરિયલ ખાતે યોજાયેલા "પરાક્રમ દિવસ" કાર્યક્રમને સંબોધન કરતાં વડા પ્રધાને કહ્યું કે કોવિદ -૧૯ સામે ભારતની લડત અને ભારત વિશ્વના દેશોને તેની રસી સપ્લાય કરે છે તે જોઈને નેતાજીને પણ ગર્વ થશે. આત્મનિર્ભર ભારતના લક્ષ્ય સાથે આજે જોડાયા અને વિશ્વની કોઈ શક્તિ ભારતને આત્મનિર્ભર થવામાં રોકી શકે નહીં.

## નેતાજીની લોકપ્રિયતા આગળ પંડિત નહેરુ અને મહાત્મા ગાંધી ઝાંખા લાગતા હતા- સાક્ષી મહારાજ

# કોંગ્રેસે કરાવી હતી સુભાષચંદ્ર બોઝની હત્યા: સાક્ષી મહારાજ

લખનઉ,તા.૨૪

પોતાના નિવેદને લઈને ચર્ચામાં રહેતા ઉત્તર પ્રદેશના ઉનાવથી ભારતીય જનતા પાર્ટીના સાંસદ (સાંસદ) સાક્ષી મહારાજે કોંગ્રેસ પાર્ટી સામે મોટો આરોપ લગાવ્યો છે. શનિવારે તેમણે કહ્યું હતું કે કોંગ્રેસે સુભાષચંદ્ર બોઝની હત્યા કરી હતી. એક જાહેર સભાને સંબોધન કરતા ભાજપના સાંસદે કહ્યું, "હું દાવો કરું છું કે કોંગ્રેસે સુભાષચંદ્ર બોઝની હત્યા કરી હતી. મહાત્મા ગાંધી કે પંડિત નહેરુ તેમની લોકપ્રિયતા માટે ટકી શક્યા નહીં.



સાક્ષી મહારાજનું નિવેદન તે દિવસે આવ્યું જ્યારે દેશ નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૫ મી જન્મજયંતિ પરાક્રમ દિવસ તરીકે માનવી રહ્યો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કોલકાતામાં એક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આપને જણાવી દઈએ કે સુભાષચંદ્ર બોઝનો જન્મ ૨૩ જાન્યુઆરી ૧૮૯૭ના રોજ ઓડિશાના કટક ખાતે વકીલ જાનકીનાથ બોઝના ઘરે જન્મ થયો હતો.

ભારતની સ્વતંત્રાતા ચળવળમાં તેમણે મહત્વની ભૂમિકા ભજવી હતી. નેતાજી આઝાદ હિંદ ફોજની સ્થાપના માટે પણ જાણીતા છે.

૧૮ ઓગસ્ટ, ૧૯૪૫ ના રોજ, તાઈપેઇમાં વિમાન દુર્ઘટનામાં સુભાષચંદ્ર બોઝના મૃત્યુ અંગે વિવાદ થયો હતો. કેન્દ્ર સરકારે માહિતી અધિકાર (માહિતી અધિકાર અધિનિયમ) ની આરટીઆઈમાં ૨૦૧૭ માં પુષ્ટિ કરી હતી કે તે જ ઘટનામાં તેનું મોત નીપજ્યું હતું.

# રિવર્સ માઇગ્રેશન : શહેર છોડીને ગામડાંમાં રહેવાનું મન થાય છે?

દૂરબીન - કૃષ્ણકાંત ઉનડકટ

શહર મેં છાલે પડ જાતે હૈ જિંદગી કે પાંવ મેં, સુકૂન કા જીવન બિતાના હૈ તો આ જાઓ ગાંવ મેં. શાયરોએ શહેર અને ગામડાંઓ વિશે ખૂબ લખ્યું છે. દરેક શહેરની એક કથા હોય છે. દરેક ગામડાંની થોડીક વ્યથા હોય છે. કોઇ ગામડુંને છોડીને શહેર જતું હશે ત્યારે ગામડુંયે થોડુક રોતું હશે. જે ગામડું છોડીને શહેરમાં વસે છે એ પણ ક્યાં ખુલીને હસે છે? શાયર અદમ ગોંડવી લખે છે, યૂં ખુદ કી લાશ અપને કાંધે પર ઉઠાયે હૈ, એ શહર કે વાશિંદો, હમ ગાંવ સે આયે હૈ. ગામડું છોડીને જે શહેરોમાં આવે છે એ લોકો નથી ગામડાંના રહેતા કે નથી શહેરના બની શકતા. શહેરમાં છે એ ગામડાંમાં દુર્લભ છે અને ગામડામાં છે એ શહેરમાં સપનું છે. એક શાયરે લખ્યું છે, સૂના હૈ કિ ઉસને ખરીદ લિયા હૈ કરોડો કા ઘર શહર મેં, મગર આંગન દિખાને વો આજ ભી બચ્ચો કો ગાંવ લાતા હૈ.

ગામડેથી કે નાના શહેરમાંથી જે લોકો શહેરમાં આવે છે એ લોકોને પૂછજો કે, સુખ અને શાંતિ ક્યાં છે? એ લોકો તરત જ પોતાના ગામના ગુણગાન ગાવા લાગશે. એવું પણ કહેશે કે, કરિયર માટે કે સંતાનોના અભ્યાસ માટે શહેરમાં આવવું પડ્યું, બાકી ત્યાંના જેવી મજા અહીં ક્યાં છે? શહેરોમાં શ્વાસથી માંડીને સંબંધોના સમીકરણો બદલી જાય છે. શહેર થોડુંક સ્વાર્થી હોય છે. આમ છતાં એક હકીકત એ છે કે, એક વાર શહેરમાં આવી ચડેલો માણસ આસાનીથી શહેર છોડી શકતો નથી. કોઇને કોઇ બહાનું કે આશ્વાસન શોધીને માણસ શહેરમાં જ રહી જાય છે. એક શાયરની વાત સાંભળો. જિંદાદિલી દિખતી નહીં ઈસ શહર મેં અબ, જહન મેં આયા કે ઈસ શહર કી મોત મુકમ્મલ કર દૂં, ફિર એક તિતલી દેખી ઈસી બિયાબાં મેં ફૂલ ઢૂંઢતે, સોચતા હૂં, ઈસ શહર કો થોડી ઔર મોહલત દે દૂં.

કોરોના ના કારણે દેશ અને દુનિયામાં રિવર્સ માઇગ્રેશન જોવા મળી રહ્યું છે. અમેરિકાના ન્યૂયોર્ક શહેરમાં થયેલા સર્વેમાં ૪૪ ટકા લોકોએ એવું કહ્યું કે, અમને શહેર છોડી જવાનું મન થાય છે. આપણા દેશમાં કોરોના શરૂ થયો એ પછી જબરજસ્ત રિવર્સ માઇગ્રેશન જોવા મળ્યું હતું. એ વખતે સર્વે થયો ત્યારે ૭૦ ટકા લોકોએ એવું કહ્યું કે, બધું નોર્મલ થઇ જશે પછી અમે ફરીથી શહેરમાં ચાલ્યા જશું. એનો મતલબ એ પણ થયો કે ૩૦ ટકા લોકો ગામડાંમાં જ રહેવા ઇચ્છતા હતા. જે લોકો પાછા આવવા ઇચ્છતા હતા એ લોકોનું કહેવું એવું હતું કે, કમાવવા માટે શહેરમાં જવું પડે એમ જ છે. ગામડાંમાં રહીને કરવું શું? શહેર આપણને અમુક આદતો પાડી દે છે. ઝાકમઝોળનું એક આકર્ષણ હોય છે. દરેક શહેરમાં એક દેખાય નહીં એવું લોહચૂંબક હોય છે જે ગામડાંના લોકોને પોતાના તરફ ખેંચે છે. શહેર બેટર લાઇફની લાલચ આપે છે. શહેરમાં આવીને લાઇફ બેટર થાય છે કે બેડ, એ સમજ પડે એ પહેલા તો શહેરની લત લાગી જાય છે. મુંબઇને માયાનગરી કહેવામાં આવે છે. મુંબઇ ગયેલો માણસ ક્યારેય પાછો ફરી શકતો નથી. મુંબઇની વાત હવે દરેક શહેરને લાગુ પડવા માંડી છે. શહેરમાં વસતો માણસ જ્યારે પણ પોતાના વતનમાં જાય છે ત્યારે એક વખત તો એવો વિચાર આવી જ જાય છે કે, અહીં કેટલી શાંતિ છે! શહેરમાં તો ઉચાટ, ટ્રાફિક, નોકરીના પ્રેશર, છોકરાવને ભણાવવાની ચિંતા અને બીજી કેટલી બધી ઉપાધિઓ છે. મહેનત કરી કરીને બેવડા વળી જઇએ છીએ તો પણ બે છેડા તો ભેગા થતા જ નથી. ઘરની અને કારની લોનના ઇએમઆઇ પછી માંડ માંડ ઘર ચલાવવા પૂરતું બચે છે. કોરોના પછી વર્ક ફ્રોમ હોમનો કન્સેપ્ટ ચાલુ રહે એવી શક્યતાઓ છે. ટેકનોલોજીના કારણે હવે તમે ગમે ત્યાં રહીને કામ કરી શકો છો. એવા સંજોગોમાં ગામડાં કે નાના સેન્ટર તરફની ગતિ વધે એવી શક્યતા જોવાઇ રહી છે. આપણે ત્યાં શહેર ભણી પ્રયાણ વધ્યું તેનું એક કારણ એ છે કે, નાના શહેરો કે ગામડાઓનો વિકાસ થયો નથી. એક તરફ શહેરો આધુનિક બનતા જાય છે અને બીજી તરફ ગામડાંઓ ભાંગતા જાય છે. મોલ, મલ્ટિપ્લેક્ષ અને બ્રાન્ડેડ કલ્ચર શહેરની ઓળખ બની ગયું છે. ગામડાંઓ હજુ અગાઉ હતા એવાને એવા છે. આપણે ત્યાં અમુક કારણો તો વિચારતા કરી દે એવા છે. ગામડાંમાં કોઇ દીકરી આપવા તૈયાર થતું નથી. ગામડાંમાં જન્મેલી અને મોટી થયેલી છોકરીની આંખોમાં પણ શહેરી સાસરાના સપના આંજેલા છે. આ કારણે ગામડે ધીંગી ખેતી હોય એવા છોકરાઓ પણ શહેરમાં આવીને સામાન્ય નોકરીઓ કરે છે. આપણા દેશમાં અમુક ગામડાંઓ તો એવા છે જ્યાં તમે જાવ તો મોટી ઉંમરના લોકો જ નજરે પડે. જુવાનિયાઓ તો બધા શહેરોમાં ચાલ્યા ગયા છે. ગામડાંમાં જમીન હોય એવા છોકરાઓ પણ ખેતીના કામને નીચું ગણે છે. પગાર ભલે ઓછો મળે પણ વ્હાઇટ કોલર જોબ કરવી છે. માઇગ્રેશનના મામલામાં અમુક નિષ્ણાતો એવું કહે છે કે, અત્યારે જે વાતો થાય છે એ બધી સ્મશાન વૈરાગ્ય જેવી છે. લોકડાઉનની પરેશાનીના અનુભવો હજુ ભૂલાયા નથી. નોકરી ગુમાવનારાઓની કે ધંધામાં નુકશાન ભોગવનારાઓની સંખ્યા નાની નથી. જેવું અર્થતંત્ર ધબકતું થશે એટલે બધું પાછું હતું એવુંને એવું થઇ જવાનું છે. આપણે ત્યાં શહેરીકરણની સમસ્યાઓની વાતો થાય છે. શહેરો દિવસેને દિવસે મોટા થતા જાય છે અને ગામડાંઓ સંકોચાતા જાય છે. ગામડાં અને નાના શહેરોના ઘણા સુખ છે એમાં ના નહીં પણ હજુ એ શહેરોનો મોહ છૂટે એટલા સક્ષમ થયા નથી. લોકો વાતો એવી કરશે કે સાચી મજા તો ગામડાંમાં કે વતનમાં છે પણ એનાથી શહેર છૂટવાનું નથી!




ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

**ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મેમ્બરો ની પદ્ય.ગદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે.અખબાર તેમજ સાહિત્ય સરીતા ને લગતી માહિતી માટે સંપર્ક કરોઃ**

www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling: 9824653073

---

## NOG SS NO : 0091

પ્રકારઃ પદ્ય
શીર્ષકઃ ઊડી ઊડી રે પતંગ

ઊડી ઊડી પતંગ મારી ઊડી રે,
ઊંચે ગગનમાં ઊડી રે.ઊડી ઊડી પતંગ મારી ઊડી રે.
સોનેરી પતંગમાં રૂપેરી તારલો,
મજબૂત કમાનને દોરો રંગીલો,
સાથે ફરિયાદોની પૂંછડી રે.ઊડી ઊડી....
હળવે હાથે ઢીલ હું દેતી,
વારે વારે યાદ કરાવતી,
જાજે પ્રભુની પાસે રે.ઊડી ઊડી....
પ્રભુનાં હાથમાં ચીઠ્ઠી તું આપજે,
ફરિયાદો મારી વાંચી સંભળાવજે
સાથે પ્રભુને લાવજે રે.ઊડી ઊડી...
મગજ દીધું તે શોધખોળ કરવાં,
દલડું દીધું તે પ્રેમભાવ કરવાં,
ઇર્ષા શું કામ ખોટી દીધી રે.ઊડી ઊડી..
પરિવાર દીધો તે સંપીને રહેવા,
મિત્રો સંબંધી સહભાગી થવા,
દુશ્મની શું કામ એમાં નાંખી રે.ઊડી ઊડી...
પાપી પેટને ભરવાં અમારે,
નિતનવા કરવા કીમિયા અમારે,
ગરીબી શું કામે આપી રે.ઊડી ઊડી..
દુનિયાની દોરી હાથમાં છે તારી,
દુર્ગુણોની વેલી શું કામ બનાવી?
બહાનાં ખોટાં છોડી દે.ઊડી ઊડી..
સમતુલાનો નિયમ કરીને,
સરખે ભાગે સૌને આપીને,
સુખ દુઃખ સરખાં વહેંચી દે.ઊડી ઊડી..
એકવાર અહીં આવીને જોજે,
હાલત અમારી નજરે નિહાળજે,
ભૂલો તારી તું જાણજે રે.ઊડી ઊડી..
ભૂલો તારી ઠોપતો માણસ પર,
ન હોત દુર્ગુણો માનવ મન પર,
સ્વર્ગથી સુંદર ધરતી રે.ઊડી ઊડી..

જિજ્ઞાસા યુ જોષી,,શુક,અમદાવાદ

---

## NOG SS No :.0020

વિભાગઃ કવિતા.
શીર્ષકઃ ચાલ પતંગ બની જઈએ.
કવિતાઃ

ચાલ પતંગ બની જઈએ
ઊંચા આકાશે ઊડી જઈએ
લાલ પીળો ને વળી લીલો
ગમતાં રંગે રંગાઈ જઈએ
સંબંધની ફીરકીને સ્નેહનો દોરો
એકમેકમાં ચાલ ગૂંથાઈ જઈએ
તારા સહારે હું ને મારા સહારે તું
ચાલ આકાશને આંબી જઈએ
લૂંટી લો ને કાયપો છેના નાદમાં
અલ્લડ મદમસ્ત બની જઈએ
ચાલ પતંગ બની જઈએ
ઊંચા આકાશે ઊડી જઈએ.

લેખિકાઃ ભાવના.' વલસાડી વાદળ.'

---

## NGO SS No : 0015

વિભાગઃ- કવિતા
શીર્ષકઃ- સમજનું ગાણું

જીવનને પતંગમાં છે કેટલું સરખાપણું.
પણ બહું ઓછાને છે આ સમજાણું.
ઢીલ મૂકી છે જેને તેમનું ચગતું રહ્યું,
ખેંચ કરી તેમનું જીવન આખું કપાણું.
બાંધ્યું પૂછડું જેને તે સ્થિર થઈ શક્યા,
ટીચકું મારામારીને ખોટેખોટું સાવ થકાણું
ગૂંચ ઉકેલાણી છે સમજદારીનાં સરનામે,
ખેંચાખેંચીમાં કોકડું આ આખેઆખું ગૂંચાણું.
પ્રભુના વિશ્વાકાશે રોજ ઉત્તરાયણ થાય છે,ગાયા કરતો 'ઘાયલ મેઘ' આ સમજનું ગાણું.

મેહુલ ત્રિવેદી (ઘાયલ મેઘ) ખેરાળી

## NOG SS No : 0048

વિભાગ - પદ્ય
શબ્દ - ઉત્તરાયણ
શીર્ષકઃ- ઉત્તરાયણ

આકાશી ચાદરની છે આજ વાત અનોખી,
રંગબેરંગી પતંગો ને ભાત નોંખી નોંખી.
અગાશીએ જામી છે માનવોની મહેફિલ,
જો જો, વિહંગગણ માટે ન બની જાય કાતિલ.
દોરી સંગ ભરે આકાશી ઊડાન પતંગ,
શીખવે જીવનમાં સંગાથનો છે ઉમંગ.
તલ, સિંગ સાથે ગોળની મીઠાશ,
સંબંધોમાં લાવે અનેરી સુવાસ.
રાત પડે તુક્કલનો ઝળહળાટ,
અંધકારમાં પ્રકાશનો સળવળાટ.
નવા વર્ષને આપું પ્રીતથી આવકાર,
આવ્યો છે ઉત્તરાયણનો તહેવાર.

પ્રકૃતિ 'પ્રીત'

---

## NOG SS No - 0068

વિભાગ - પદ્ય
શબ્દ - પ્રેમભાવ
શીર્ષક - પૂછવા ઇચ્છું છું!

એટલું હું તારાથી સદા પ્રેમભાવ ઇચ્છું છું, કેમ છે તું? દરરોજ પૂછવા ઇચ્છું છું!
હું મજામાં છું એવો જવાબ ઇચ્છું છું,એટલી વાત કરી તબિયત પૂછવા ઇચ્છું છું!
તું દરરોજ સ્વપ્નમાં મળે એટલું ઇચ્છું છું,પ્રેમભાવ એટલો પાક્કો થશે? પૂછવા ઇચ્છું છું!
આ કોરા કાગળમાં તને લખવા ઇચ્છું છું,તું મારા શબ્દો બનીશ પૂછવા ઇચ્છું છું!
એક પ્રેમભાવભર્યો તને પત્ર લખવાં ઇચ્છું છું,પત્રનો જવાબ જરૂર આપીશ? પૂછવા ઇચ્છું છું!
મારી કલ્પનાઓમાં દરરોજ તને ઝંખવા ઇચ્છું છું,મળવા આવીશ તું મને? પૂછવા ઇચ્છું છું!
જામનો નહિ તારા પ્રેમભાવનો નશો ઇચ્છું છું, સાત જન્મનો સાથી બનીશ? પૂછવા ઇચ્છું છું!

નાથબાવા ચાંદની સોમનાથ "ચાંદ"
માંડવી કચ્છ

---

## NOG SS NO -0031

વિભાગ-ગદ્ય
પ્રકાર-ટૂંકી વાર્તા
વિષય-સગાઈ
શીર્ષક-પરિણામ

સાંઈઠ વર્ષના વંદનાબેન વહુનાં કકળાટથી ત્રાસી ગયા હતાં?.આજથી પાંચ વર્ષ પહેલાં દિકરાને કેટલી હોંશથી પરણાવ્યો હતો.વંદનાબેનનાં પતિ તો તેમનો દિકરો પાંચ વર્ષનો હતો ત્યારે જ એક ગંભીર બિમારી માં અનંતવાટે ચાલ્યા ગયેલ.

વંદનાબેને શિક્ષિકાની નોકરી કરી દિકરાને મોટો કર્યો હતો.એને પરણાવ્યા પછી એમને હતું કે હવે તે આનંદથી દિકરા વહુ સાથે રહેશે.વંદનાબેન તો ક્યારેય પણ વહુ દિકરાના જીવનમાં માથું ન મારતાં.વહુને પણ બધી બાબતોની છૂટ હતી પણ ગમે તેટલું સારી રીતે રાખવા છતાં વહુનાં અસંતોષી અને આકરા સ્વભાવને લીધે પાણીમાંથી? પોરાં કાઢતી.એમાં પણ જો કદાચ ક્યારેક વંદનાબેનથી હા કે ના બોલાઈ ગયું ત્યાં તો મહાભારત કરી નાંખે.

ઘણીવાર વંદનાબેને વૃધ્ધાશ્રમમાં જતાં રહેવાનો વિચાર કરતાં .પણ જો એમ કરે તો દિકરા વહુનું સમાજમાં નામ ખરાબ થાય એમ વિચારી વૃધ્ધાશ્રમમાં જવાનું માંડી વાળતાં.

એક દિવસ એ બેઠાં હતાં ત્યારે તેમણે એક વિચાર કર્યો અને એમ જ કરવાનું નક્કી કર્યું.પછી તો જ્યારે પણ વહુ કંઈ આડું અવળું બોલવાનું શરૂ કરે ત્યારે વંદનાબેન પોતાનાં રૂમમાં કલમ ને કાગળ લઈ લખવા બેસી જતાં, જેથી વહુનાં બોલાયેલા શબ્દો સાંભળી તેમને જીવ ના બાળવો પડે.

આજે બે વર્ષ પહેલાં વંદનાબેને કલમ સાથે કરેલી સગાઈનું એ પરિણામ આવ્યું કે એમની કલમે લખાયેલ નવલકથાની ત્રીજી આવૃત્તિ પ્રકાશિત થવા જઈ રહી હતી.

મેઘલ કિશોરભાઇ
ઉપાધ્યાય'મેઘુ'રાજકોટ

---

## NOG SS No / 0054

વિભાગ - ગદ્ય
વિષય - ટૂંકમાં લેખ ચમારી સમજણ અનુસારૃ
શીર્ષક : સગપણ

સગપણ બોલતાં જ ભાવ વ્યકત થઈ જાય છે નહીં..!
લગ્ન નહીં પણ લગ્ન જેવા બંધનમાં બાંધવાની શરૂઆત એટલે સગપણ★..

માટે જ તો, લગ્ન નક્કી કરતાં પહેલાં સગપણ નક્કી કરાય છે. જેમાં લગ્ન કરતાં પહેલાં સગપણ અને લગ્ન વચ્ચે એક સમયગાળો રાખવામાં આવતો હોય છે. જેમાં બે બનનાર વ્યક્તિ કે જેઓ જીવનસાથી બનવા જઈ રહ્યાં છે, તો તેઓ એકબીજાને સારી રીતે ઓળખે, સારી રીતે એકબીજાને અને થનાર પરિવારને સમજે. એ લોકોને એકબીજાંને સમજવાની તક મળે.. પરિવારનાં સદસ્યોનો સ્વભાવ.. રીતરિવાજ ઓળખાય.... જેથી લગ્ન બાદ થનાર જીવનસાથી સરળતાથી એકમેક સાથે પોતાની જિંદગી પસાર કરી શકે. પહેલાં અજાણ બનેલ વ્યક્તિ તેઓ, સગપણ બાંધ્યા પછી એકબીજાંની પ્રિય બની જતી હોય છે. સગપણ બાંધવા માટે પ્રેમરૂપે એકમેકના હાથમાં વીંટી પહેરાવી, હૃદય સાથે તેઓ જોડાયેલ છે એ ભાવ વ્યક્ત કરાવતો હોય છે..

સગપણ બાંધવાનું મુખ્ય હેતુ એટલે એકમેકને સરળતાથી ઓળખવાનો સમયગાળો

સપના શાહ ,ગોધરા

---

ન્યુઝ ઓફ ગાંધીનગર
સાહિત્ય સરિતા - ૧

## NG0052

શિર્ષક : "જીવનમાં તહેવારોનું મહત્વ"
વિભાગ : ગદ્ય

તહેવારોને ઉજવવામાં આનંદ છે તેવો આનંદ કયાંય પ્રાપ્ત થતો નથી.હિન્દુ સંસ્કૃતિની વાત જ નોખી છે.અવારનવાર આવતાં તહેવારો અને તે માટે કરવામાં આવતી ખરીદી અને તેની રીત આપણે જોતાં આવ્યા છીએ.પણ એટલું તો ચોક્કસ કહી શકાય શું તહેવાર વિનાં જીવનની કલ્પના કરવી શકય છે ખરી ? જો જીવનમાં તહેવારોનું કોઈ સ્થાન જ ન હોત તો ? જિંદગી બેરંગ હોત ,ખરું ને.

ચાલી આવતી રોજીદી જિંદગી ફીકી લાગત સાચું ને? તહેવાર છે તો જ જીવન જીવવાની મોજ છે.દરેક તહેવાર નવું શિખવી જાય છે.

માની લો કે..રસોઈ જોઈએ તેવી ટેસ્ટી ન બની હોય તો તેમાં સ્વાદ અનુસાર મીઠું, મસાલો, ગળપણ નાખી તેને આપણે ચટપટી બનાવતાં હોય છે.તહેવારો પણ સાવ ફીક્કી બની ગયેલી જિંદગીને ચટપટી,માણવાલાયક, જીવવાલાયક બનાવવાં માટે જ તો છે.તહેવારની વાત નીકળી છે તો ઉત્તરાયણ જ ઉદાહરણ તરીકે લઈ લ્યો.ઉત્તરાયણ પર્વ આપણે કેવી રીતે ઉજવતાં હતાં તે તો સહુ કોઈ સારી રીતે જાણે છે.આગલી રાતે કન્ના બાંધવાની ,સવાર ક્યારે પડે તેની વાટ જોવામાં ઉંઘ પણ ન આવતી.વહેલાં ઊઠી નાહી ધોઈ કેવાં અગાસી પર ચઢી જતાં. ઉત્તરાયણને ખાલી તહેવાર તરીકે ન જોતાં તેને જીવન સાથે જોડી દઈએ તો...ખબર છે તમને,દોરામાં પડતી ગૂંચ ઉકેલવામાં આપણે ન જાણે કેટલો સમય કાઢી નાખતાં,છતાં તે ગૂંચ ઉકેલવામાં આપણે જરાય કંટાળો કે આળસ કરી હોય તેવું બન્યું નહીં હોય ,સાચું ને. તે પરથી ચોક્કસ કહી શકાય કે સંબંધોમા પડેલી ગૂંચને કાઢવા આપણે જો સમય આપીએ તો...સંબંધોમાં પડેલી આંટીઘૂંટી જરૂરથી ઉકેલી શકાય.

યાદ હોય તો ,ઘણી કોશિશ કરવાં છતાં પતંગ ચગતો નહીં, તો શું આપણે હાર સ્વીકારી બેસી જતાં ખરાં?ના ક્યારેય નહીં, બલ્કે વધુ પ્રયાસ કરવાની ઉત્કંઠા જાગતી ,પતંગ જ્યાં સુધી ઊંચાઈ સર કરવા લાગે નહીં ત્યાં સુધી પુરુષાર્થ કર્યે જ જતાં હતાં.જિંદગીને આમ જ જીવવા જઈએ તો...કયારેક આપણે હતાશા તરફ ગરકાવ થશું નહી ,જીવન આખરે છે શું ?અંત સુધી પ્રયત્નો કરતાં રહી નવું નવું શીખવાની એક દોડ જ તો છે.

સંજય તરબદા "સાંજ",વડોદરા

---

## NOG SS No 005

વિભાગ : ગદ્ય
વિષયઃ ઉત્તરાયણ
એષણા

"આ કેવું શાક બનાવ્યું છે?" જમતાં ટેબલ પર દાદીનો ઠપકો સાંભળ્યા પછી મમ્મીને ચૂપચાપ ઊભેલી જોઈ જુહીને ન ગમ્યું.

'મમ્મીએ કેવું સરસ બટાટાનું શાક બનાવ્યું છે. મેં કહ્યું એવું જ. મને ભાવે એવું બનાવ્યું એટલે મમ્મીને સાંભળવું પડ્યું.' દાદી પરનો ગુસ્સો તેણે રૂમમાં જઈને જોરથી બારણું બંધ કરીને ઉતારી દીધો.

અત્યાર સુધી ચાલતા ઓનલાઇન ક્લાસની જગ્યાએ બે દિવસ પછી દસમા ધોરણનાં ક્લાસ સ્કૂલમાં શરૂ થઈ જવાના છે એ જાણીને તે સ્કૂલબેગ તૈયાર કરવામાં જોતરાઈ ગઈ.

'પોતે તો સ્કૂલે નીકળી જાય છે પણ મમ્મીને કેટલું કામ હોય છે, તે આટલાં દિવસો ઘરે રહ્યાં પછી જાણ્યું.હ્ જુહી હોમવર્કની નોટબુક અલગ કરતાંકરતાં વિચારતી હતી ત્યાં જ આગળનાં રૂમમાં જોરથી કંઈક પડવાનો અવાજ આવ્યો. તે દોડતી આગળના રૂમમાં આવી ગઈ. જોયું તો તેના તોફાની બારકસ નાના ભાઈ મોન્ટુએ કિંમતી ફ્લાવરવાઝ તોડી નાખ્યો હતો. મોન્ટુ તો કંઈ જ થયું ન હોય એમ વેરવિખેર થયેલા કાચને જોઈને નાચતો હતો. મમ્મી કાચ ભેગાં કરતાં ઠપકો આપતી હતી પણ મોન્ટુ પર તેની કોઈ અસર ન થઈ.

રોજ પાંચ વાગ્યા પછી આવતા પપ્પા તે દિવસે વહેલા આવી ગયાં.પપ્પાની ગાડીનો હોર્ન સાંભળી મોન્ટુ તો દાદીનાં રૂમમાં સંતાઈ ગયો. રૂમમાં પ્રવેશતાં જ પોતાના પ્રિય ફ્લાવરવાઝની દશા જોઈ પપ્પા બરાડી ઉઠ્યા, "આ કોણે કર્યું?" પપ્પાનો અવાજ સાંભળી કાચ ભેગાં કરતી મમ્મીનાં હાથ અટકી ગયાં. પપ્પાના ગુસ્સાથી પરિચિત મમ્મી પાણી લેવા દોડી ગઈ.

"એ તો મારાથી બરાબર મૂકાયો ન હતો. એટલે ભઈલુનો હાથ લાગતાં જ પડી ગયો." મમ્મીની વાત સાંભળી જુહીને પાછો ગુસ્સો આવી ગયો. 'ભઈલુને ચેતવવા છતાં એ ત્યાં જ બોલ રમે છે, એનો દોષ મમ્મી પોતાના માથે કેમ લે છે?'

પછી પપ્પા ઘણું વઢ્યા મમ્મીને. પપ્પાના આ વર્તનથી જુહી અકળાઈ ઉઠી.

તે સીધી મમ્મી પાસે રસોડામાં પહોંચી ગઈ.

"શું કરે છે મમ્મી?"

"કાલે ઉત્તરાયણ છે એટલે તલના લાડવા બનાવું છું."

જુહીએ મમ્મીની પાંપણ પર ભીનાશ અનુભવી. વાતાવરણ હળવું બનાવવા તે ત્યાં જ ઉભી રહી.

"આ ગોળને કેમ ગરમ કરે છે?"

"બધાંને ભેળાં રાખવા માટે." મમ્મી ચોંકી. શું યાદ આવ્યું કે આગળ ઉમેર્યું, "એ પીગળે તો જ ગોળ લાડવો વળે ને!"

જુહી સાવ નાની ન હતી કે મમ્મીની વાત સમજી ન શકે! મમ્મી પર વ્હાલ ઉભરાયું. થોડીવાર મમ્મીને જોતી એમ જ ઉભી રહી.

થાળીમાંથી પહેલો તલનો લાડવો લઈ જુહીએ મમ્મીનાં મોંમાં ઠોસી દીધો, "મમ્મી, હેપ્પી ઉત્તરાયણ. લવ યુ." ભેટી પડી.

પોતાની છબીમાં એષણાનો સાક્ષાત્કાર જોઈ લાડવામાં ગોળનો મીઠડો સ્વાદ માણતાં મમ્મી હરખાઈ ઉઠી.

વંદના વાણી

---

## NOG SS No : 055

વિભાગ : ગદ્ય
વિષય : સગપણ
શીર્ષકઃ" લોહીનો રંગ લાલ "

ઇમરાન અને ઇશાંત જીગરજાન દોસ્ત..સ્કૂલમાં પણ સાથે જ અને સોસાયટીમાં પણ સાથે જ...નવ વર્ષનાં આ બેય ગોઠિયા જાણે જનમ - જનમથી ઓળખાણ હોય એમ કદી ક્યાંય છૂટાં જ ન પડે , ઈદ હોય ત્યારે ઇશાંત સવૈયા ખાવા પહોંચી ગયો હોય તો દિવાળીમાં ઇમરાન સૌથી વધુ ફટાકડા ફોડે...

બંનેની મમ્મી એકબીજાંની કટ્ટર દુશ્મન...કારણ ? કારણ ધર્મ, બંને પોતપોતાના ધર્મને ચુસ્ત રીતે માને,નિયમો પાળે અને " મારો ધર્મ જ શ્રેષ્ઠ " એવો દુરાગ્રહ.....

એવામાં ઉત્તરાયણ આવી , બંને ભેરુ અગાશીમાં ચડ્યાં.પતંગમાં વધારે રંગો હતાં કે તેમના સપનાંમાં... એ કહેવું મુશ્કેલ એટલાં અરમાનો લઈ બંને ધાબે ચડ્યાં..

પતંગ ચગાવવામાં મશગૂલ ઇશાંત અચાનક જ ધાબેથી પડ્યો, પથરો વાગે ને માટલું ફૂટે એમ માથું ફૂટી ગયું..દડ દડ લોહીની ધાર .

I.C.U. ની બહાર આખો પરિવાર ચિંતાતુર....કોઈના ચહેરા પર જરાય નૂર નહીં, ડોકટરે લોહી ચડાવવા કહ્યું હતું અને ઈશાંતનું બ્લડ ગ્રુપ ક્યાંય મેચ જ નહોતું થતું, આજે સવાલ જીવન મરણનો હતો...પણ લોહી ક્યાંથી કાઢવું?

અચાનક જ ઇમરાન તેનાં અબ્બુ અમ્મી સાથે પોતાનાં મિત્રને જોવા આવ્યા..ખબર નહિં કેમ પણ તેને જોતાં જ ઇશાંતની મમ્મીનાં આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી.

પરિસ્થિતિ પામી ગયેલ કોઠાસૂઝથી એ દંપતિએ તત્કાળ એક નિર્ણય કર્યો કે ઇશાંત ને લોહી ઇમરાનની અમ્મી આપશે કારણકે તે સરખું જ બ્લડ ગ્રુપ ધરાવે છે. તાત્કાલિક બધી પ્રક્રિયા હાથ ધરાઈ અને ઇશાંતનો જીવ બચાવી લેવામાં આવ્યો.

ઇશાંત હવે સાજો થઈ રહ્યો હતો, તે હવે એક નહીં બે મા નો દીકરો થયો સામા વર્ષે ફરી ઉત્તરાયણ આવી , તેની મમ્મીએ બંને દોસ્તોને નીચે ફળિયામાં જ પતંગ ચગાવવા સમજાવ્યાં અને કહ્યું , " બેટા...પતંગ ભલે રંગબેરંગી હોય પણ લોહીનો રંગ લાલ જ છે... આજથી હવે મારાં પણ બે લાલ છે.".

શ્રદ્ધા ભટ્ટ,વાપી






## જીલ્લામા સરકારી જાહેરાતો,બોર્ડ,બેનરો હોર્ડિંગ હટાવવાની કામગીરી હાથ ધરાઈ

# સ્થાનિક સ્વરાજની અને નગરપાલિકાની ચૂંટણીઓની જાહેરાત થતા નર્મદા કડક આચાર સંહિતા અમલી

**નર્મદામા રાજપીપળા નગર પાલિકા ની ૨૮ બેઠકો, નર્મદાજિલ્લા પંચાયતની ૨૮ , નાંદોદ તાલુકા પંચાયતની ૧૮ બેઠકો ,સાગબારા તાલુકા પંચાયતની ૧૮ બેઠકો, ડેડીયાપાડા તાલુકા પંચાયતની ૨૨ બેઠકો ,તિલકવાડા તાલુકા પંચાયતની ૧૬ બેઠકો, ગરુડેશ્વર તાલુકા પંચાયતની ૧૮બેઠકો માટે ચૂંટણી યોજાશે**

રાજપીપળા, તા ૨૪

જેની લાંબા સમયથી આતુરતાથી રાહ જોવાતી હતી તે સ્થાનિક સ્વરાજની અને નગરપાલિકાઓની ચૂંટણીઓની ચૂંટણી પંચ દ્વારા સત્તાવાર જાહેરાત કરી દેવાતા આ જાહેરાતને પગલે આચારસંહિતા અમલી બનતા વિકાસના નવા કામો ઉપર બ્રેક લાગી જવા પામી છે. ચૂંટણી અંગેની જાહેરાત થતાજ નર્મદા જિલ્લાના રાજકારણમાં ભર શિયાળે રાજકીય ગરમાવો આવી ગયો છે. આચાર સંહિતા અમલી બનતા નર્મદા જીલ્લાની અંદર તંત્રએ તાત્કાલિક ધોરણે સરકારી જાહેરાતો ,બોર્ડ ,બેનરો હોર્ડિંગ હટાવવાની કામગીરી હાથ ધરી છે. જેમાં રાજપીપળા એસટી ડેપો ઉપરના હોર્ડિંગ્સ બેનરો હટાવાયા હતા. જોકે રાજપીપળાના અન્ય વિસ્તારોમાં હજુ પણહોર્ડિન્ગ, બેનરો લાગેલા હોવાથી ટૂંક સમયમાં હટાવાશે એમ તંત્ર દ્વારા જણાવાયું છે. તંત્રએ પણ આ અંગે આચાર સંહિતાનો કડક અમલ થાય તે અંગેની કામગીરી શરૂ કરી દીધીછે .આ પોસ્ટર, બેનર ,હોર્ડિંગ ,હટાવવા ઉપરાંત નવા વિકાસના કામો કે ખાતમુહરત ની જાહેરાતો ન થાય તે જોવાનીપણ અધિકારીઓને તાકી તાકીદ કરી દેવામાં આવી છે. નર્મદા જિલ્લામાં રાપીપળા નગરપાલિકાની૭વોર્ડ ની ૨૮બેઠકો અને નર્મદા જિલ્લા પંચાયત તેમજ પાંચ તાલુકા પંચાયતની ચૂંટણીઓ કરવાની થાય છે .આચારસંહિતા લાગુ પડી જતા એમાં નગરપાલિકા ની ચૂંટણી મા ઉમેદવારીપત્રો ભરવાનીતારીખ ૬ ફેબ્રુઆરી ,ચકાસણી ની તારીખ ૮ ફેબ્રુઆરી, ફોર્મ પાછા ખેંચવાની તારીખ ૯ ફેબ્રુઆરી, મતદાન ની તારીખ ૨૧ ફેબ્રુઆરી ,મતગણતરી ની તારીખ ૨૨ ફેબ્રુઆરી રાખવામાં આવી છે. જ્યારે જ્યારે જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીઓ માટે અમે ઉમેદવારી પત્રો ભરવાની તારીખ ૧૩ ફેબ્રુઆરી,ચકાસણીની તારીખ ૧૫ ફેબ્રુઆરી,ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની તારીખ ૧૬ ફેબ્રુઆરી, મતદાનની તારીખ ૨૮ ફેબ્રુઆરીઅને મતગણતરીની તારીખ ૧લી માર્ચ રાખવામાં આવી છે.



અત્રે ઉલ્લેખનીય છે કે જિલ્લા પંચાયતની ૨૮ બેઠકો માટે ચૂંટણી યોજાશે. જ્યારે તાલુકા પંચાયતમાં નાંદોદ તાલુકા પંચાયતની ૧૮ બેઠકો ,સાગબારા તાલુકા પંચાયતની ૧૮ બેઠકો, ડેડીયાપાડા તાલુકા પંચાયતની ૨૨ બેઠકો ,તિલકવાડા તાલુકા પંચાયતની ૧૬ બેઠકો, ગરુડેશ્વર તાલુકા પંચાયતની ૧૮ બેઠકો , અને રાપીપળા નગરપાલિકાની૭વોર્ડ ની ૨૮બેઠકો માટે ચૂંટણી યોજાશે .

ચૂંટણીની જાહેરાત થતાં જ ચૂંટણી લડવા ઈચ્છતા ઉમેદવારોમાં અને રાજકીય પક્ષોમાં પક્ષોમા ભર શિયાળે રાજકીય ગરમાવો આવી ગયો છે

તસવીરઃ જ્યોતિ જગતાપ, રાજપીપળા

# વડગામના કોદરામ ગામના દેવીપૂજક સમાજના સ્મશાનમાં બિનઅધિકૃત રીતે બાંધકામની રાવ



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

વડગામ તાલુકાના કોદરામ ગામે દેવીપૂજક સમાજના સ્મશાનની જગ્યામાં ઉભેલા સિમેન્ટના થાંભલાની તોડફોડ કરી હાલમાં સ્મશાનની જગ્યામાં બિનઅધિકૃત રીતે પરવાનગી લીધા વિના બાંધકામ કરવામાં આવી રહ્યુ હોવાની રાવ સાથે દેવીપુજક સમાજના લોકોએ ન્યાયની માંગ કરી છે. આ બાબતે તાલુકા વિકાસ અધિકારી સહિત વિવિધ વિભાગોમાં રજુઆતો કરવા છતાં ન્યાય ન મળી રહ્યો હોવાનું પણ દેવીપૂજક સમાજના લોકો જણાવી રહ્યાં છે. વડગામ તાલુકાના કોદરામ ગામે રહેતા મફતલાલ જેસંગભાઈ વાઘેલા સહીત દેવીપૂજક સમાજના લોકોએ તેમના ઉપરોક્ત સ્મશાન અંગે અનેકવાર રજુઆતો કરી હોવાનું જણાવી રહ્યાં છે. તાજેતરમાં જ ૧૧ જાન્યુઆરી ૨૦૨૧ ના રોજ પણ જિલ્લા કલેક્ટર બનાસકાંઠાને લેખિતમાં આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં જણાવ્યા મુજબ વડગામ તાલુકાના કોદરામ ગામે ગામતળની જમીનમાં દેવીપૂજક સમાજના મહોલ્લાની બાજુમા જ તેમના વડવાઓના સમયનું સ્મશાન આવેલુ છે. સમાજના કોઈ પણ વ્યક્તિનું મૃત્યુ થાય તો અંતિમક્રિયા આ જગ્યા ઉપર જ કરવામાં આવે છે. જો કે કોઈ પણ પ્રકારની જાણ કર્યા વગર કે નોટિસ આપ્યા વગર સ્મશાનની જગ્યામાં જે.સી.બી મશીનથી તોડફોડ કરી સિમેન્ટના થાંભલા તોડી નાખી બાંધકામ કરવાની પેરવી રચાતા આ બાબતે તાલુકા વિકાસ અધિકારી સહિત વિભાગોમાં રજુઆતો કરવામાં આવી હતી. પરંતુ અત્યાર સુધી કોઈ જ કાર્યવાહી કરવામાં ન આવી હોવાના પણ દેવીપુજક સમાજના લોકો દ્વારા આક્ષેપો કરવામાં આવ્યા છે. આમ, વડગામ તાલુકાના કોદરામ ગામે ગતરોજ આ સ્મશાનની જગ્યામાં થઈ રહેલા બાંધકામ પર મોટી સંખ્યામાં દેવીપૂજક સમાજના લોકોએ ઉપસ્થિત રહી આ બાબતે વિરોધ નોંધાવ્યો હતો અને આ બાબતે ન્યાય અપાવવા માંગ કરી હતી.

તાલુકા વિકાસ અધિકારી શુ કહે છે.

આ બાબતે વડગામ તાલુકા વિકાસ અધિકારી કે.કે.ચૌધરીનો ટેલિફોનિક સંપર્ક કરતાં તેમણે જણાવ્યું હતું કે હું આ બાબતે તપાસ કરાવી દઉ છુ. સોમવારથી હું ૧૦ દિવસની રજા ઉપર રહેવાનો છુ તેમ જણાવ્યું હતુ.

દેવીપુજક સમાજના લોકો શું કહે છે.

આ બાબતે દેવીપૂજક સમાજના અગ્રણી જોઈતાભાઈએ જણાવ્યું હતું કે સ્મશાનની જગ્યામાં તોડફોડ કરી અંતિમવિધિ કરવા દેવામાં આવતી નથી. આથી અમારે અંતિમવિધિ માટે સિદ્ધપુર સુધી લાંબા થવું પડે છે તેમ જણાવ્યું હતુ.

# હિન્દુ યુવા સંગઠન સાબરકાંઠા જીલ્લા કક્ષા ના કાર્યાલય હિંમતનગર ખુલ્લું મુકાયું



હિન્દુ યુવા સંગઠન ભારત સાબરકાંઠા દ્વારા છેલ્લા કેટલાય સમયથી અવિરત પણે જરૂરતમંદ લોકોને જરૂરિયાત મુજબની સેવાઓ પૂરી પાડવામાં આવે છે સંગઠન ની અલગ અલગ ટીમો અલગ-અલગ સેવાઓ હિંમતનગર શહેર તેમજ સાબરકાંઠા જિલ્લામાં સેવાઓ પૂરી પાડવામાં આવે છે ત્યારે સંગઠનના પાયાના કાર્યકરો દ્વારા અથાગ પ્રયત્નો થકી આજે સંગઠન મજબૂત બન્યું છે હિન્દુ યુવા સંગઠન ભારત સાબરકાંઠા જિલ્લા કક્ષાનું કાર્યાલય હિંમતનગર શહેરના દુર્ગા બજારમાં કાર્યાલય ખુલ્લું મુકવામાં આવ્યું હતું કાર્યાલય ના જગ્યાના દાતા રાજેન્દ્રસિંહ ચાવડા સંતો અને મહંતો દ્વારા કાર્યક્રમ ની શુભ શરૂઆત દીપ પ્રાગટ્ય થી કરવામાં આવી હતી કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાન હિંમતનગર ના ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા, નિરંજન અખાડા મહાકાલી મંદિર બેરણા ના સચિન ગીરી મહારાજ, બીએપીએસ સંસ્થાના કોઠારી સ્વામી મંગળ પુરુષ, બીએપીએસ સ્વામિનારાયણ સંપ્રદાયના કૌશલ મુની સ્વામી, જુનાગઢ હનુમાન મંદિર ના મુરલી દાસજી મહારાજ, કાટવાડ શનિદેવ મહારાજ મંદિરના સના રામ મહારાજ તેમજ સંતો મહંતો ઉપસ્થિત રહ્યા હતા, હિન્દુ યુવા સંગઠન ભારત સાબરકાંઠા ટીમ ની કામગીરી નહી સંતોની મહંતોએ પણ બિરદાવી હતી હતી અને બીજી તરફ હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા દ્વારા પણ સેવાકીય કામગીરી ને પ્રશંસનીય ગઈ હતી હિન્દુ યુવા સંગઠન ભારત સાબરકાંઠા દ્વારા મંચ પર બિરાજમાન સંત-મહંત અને ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહ ચાવડાને ફુલહાર પહેરાવી સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું કાર્યક્રમના અંતે સંગઠનના ઉત્તર ગુજરાત ના અધ્યક્ષ ભુગુંવેન્દ્રસિંહ કુંપાવતે નવા નિમણૂક કાર્યકરોને સન્માનપત્ર આપી પ્રોત્સાહિત કર્યા હતા અને સંગઠન શેરીએ-શેરીએ અને ગામડે ગામડે મજબૂત બને તે માટે સંગઠનમાં જોડાવા અપીલ કરી હતી કાર્યક્રમને સફળ બનાવવા હિન્દુ યુવા સંગઠન ભારત સાબરકાંઠાના તમામ કાર્યકરોએ રાત દિવસ એક કરી પોતાની નૈતિક ફરજ સમજી કામગીરી કરી હતી, કાર્યક્રમ પૂર્ણ થયાના આરે કાર્યાલય જયશ્રી રામના નારા સાથે ગુંજી ઉઠ્યું હતું.

# વડિયાના યુવાનનું ઝેરી દવા પી આપઘાત કરતા રાજપીપળા સિવિલમાં સારવાર દરમિયાન યુવાનનું મોત

રાજપીપળા,તા. ૨૪

રાજપીપળાના વડીયા ગામના યુવાનનું ઝેરી દવા પી આપઘાત કરતા રાજપીપળા સિવિલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.બનાવની વિગત મુજબ મરનાર મુકેશભાઈ સોમાભાઈ વસાવા (રહે,વડીયા )એ કોઈ અગમ્ય કારણોસર પોતાની જાતે જ ઝેરી દવા પી જતાં તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલ રાજપીપળા ખાતે દાખલ કરાયા હતા.જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.આ અંગે અલ્કેશભાઇ સોમાભાઈ વસાવા (રહે, વડીયા આઠમો ફળિયુ, મૂળ રહે કરાઠા) પોલીસમાં જાણ કરતાં રાજપીપળા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

# રાજપીપળા કરજણ સિંચાઈયોજના-૪ના કાર્યપાલક ઈજનેર સામે અનેક ફરિયાદો બાદ બદલી

રાજપીપળા, તા ૨૪

છેલ્લા ઘણા વખતથી વિવાદોમાં રહેલા રાજપીપળા કરજણ સિંચાઈયોજના-૪ના કાર્યપાલક ઈજનેર જેડી વાઘેલાની આખરે બદલી કરી દેવામાં આવી છે .જેમની બદલી નર્મદા યોજના પુનઃવસવાટ બાંધકામ વિભાગમાં બદલી કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ કાર્યપાલક ઈજનેર વિરુદ્ધ અનેક ફરિયાદો થઈ હતી.જેના કારણે તેઓ હંમેશા વિવાદોમાં ઘેરાયેલા રહ્યા હતા. ખાસ કરીને નવેમ્બર માસમાં કેવડીયા ખાતે રાષ્ટ્રપતિના કાર્યક્રમના આયોજન વખતે ફરજમાં બેદરકારી દાખવવા બદલ તેમને તંત્ર દ્વારા નોટિસ ફટકારી હતી.અને ઉચ્ચ કક્ષાએ આ અંગે જાણ કરી ખુલાસો પણ માંગ્યો હતો. ત્યાર બાદ રાજપીપળા કરજણ કરજણ સિંચાઈ યોજના -૪ના કર્મચારીઓ પણ તેમની જોહુકમીથી કંટાળીગયા હતા. આ કર્મચારીઓએ સામૂહિક રીતે તેમની બદલી કરવાની લેખિત રજૂઆત કરી માંગ કરી હતી .સરકારે તેનીગંભીર નોંધ લેતા કાર્યપાલક ઈજનેર જે ડી વાઘેલાની બદલી કરી દેવાતા કર્મચારીઓમાં.આનંદ ની લાગણી છવાઇ ગઈ. છે

રિપોર્ટ: જ્યોતિ જગતાપ,રાજપીપળા

# નર્મદાના ગોલવણ ગામની સીમમાં રાત્રિના મોબાઈલની બેટરીના અજવાળામાં જુગારની રેડ કરતા પાંચ જુગારીયાઓ ઝડપાયા

રાજપીપળા,તા.૨૪

પ્રોહીબીશન તથા જુગારના દુષણને ડામવા માટે નર્મદા જિલ્લા પોલીસ અધિક્ષક હિંમકરસિંહ તરફથી વધુમાં વધુ બાતમીદારો રોકી પ્રોહીબીશન જુગારના કેસો શોધી કાઢવા સારું સૂચના મળેલ જે સૂચના આધારે નાયબ પોલીસ અધિક્ષક રાજેશ પરમાર રાજપીપળા ડિવિઝનના માર્ગદર્શન મુજબ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવી અસામાજિક પ્રવૃત્તિઓ પર અંકુશ મેળવવા સારું સૂચનાઓ મળતાં તેના આધારે પો.સ.ઈ એ.આર. ડામોર તથા પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલિંગમાં નીકળેલા હતા, તે વખતે એ. હે.કો અરવિંદભાઈ કેલ્યાભાઈને ખાનગી બાતમીદાર થી બાતમી મળેલ કે ગોલવણ ગામની સીમમાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો પત્તાપાનાનો હારજીતનો જુગાર રમે છે.જે બાતમી આધારે બાતમી વાળી જગ્યાએ રેડ કરતા કેટલાક ઈસમો રાત્રિના અંધારામાં મોબાઈલની બેટરીના અજવાળા માં ગોળ કુંડાળું વળી પૈસા વડે જુગાર રમી રહ્યા છે. અને ચારે બાજુ થી કોર્ડન કરી રેડ કઈ સ્થળ ઉપરથી ચંદ્રકાંતભાઈ નરપતભાઈ વસાવા, ચુનીલાલ ધનજીભાઈ વસાવા,અક્ષયભાઈ માનસિંગભાઈ વસાવા, કાશીરામભાઈ ફતુભાઇ વસાવા, સેગજીભાઈ હીરાભાઈ વસાવા તમામ (રહે, ગોલવણ ફળિયા )પાસેથી અંગજડતીના રોકડા રૂ. ૫,૦૦૦/- તથા દાવ પરના રોકડા રૂ. ૨૫૦/- તથા સેમસંગ કંપનીનો મોબાઈલ નંગ.૧ કિ. રૂ. ૧૦૦૦ /- તથા પાના પત્તાનો મળી કુલ કિં. રૂ.૬૨૫૦/- ના જુગાર ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ સ્થળ પરથી નાસી જનાર આરોપી કારણસિંગભાઈ પ્રતાપભાઈ વસાવા (રહે, ગોલવણ )ને વોન્ટેડ જાહેર કરી આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

રિપોર્ટ : જ્યોતી જગતાપ, રાજપીપળા

# માણાવદરમાં જલારામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નિશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ સંપન્ન



માણાવદરની સેવાભાવી સંસ્થા જલારામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અને સૌરાષ્ટ્રની તમામ જનતા માટે હેલ્થ એઈડ ટ્રસ્ટ સંચાલિત જય અંબે મલ્ટીસ્પેશિયાલીટી હોસ્પિટલ આયોજિત એક સર્વરોગ નિદાન કેમ્પ યોજાઇ ગયો જેમાં આ તાલુકાના લોકોએ પોતાના વિવિધ રોગો જેવા કે આંખ,કાન,હદય,તાવ,શરદી,દાંત, હાડકાના રોગો,ગળાના રોગો, કાયમી એલર્જી ની તકલીફ જેવા રોગો, શ્રવાસ, સ્ત્રીઓના વિવિધ રોગો તથા અન્ય એવા બીજા રોગો વગેરે ની સારવાર લીધી હતી

આ કેમ્પમાં જય અંબે મલ્ટીસ્પેશિયાલીટી હોસ્પિટલના નવ જેટલા વિવિધ રોગોના નિષ્ણાંત તબીબોએ મફત સેવા આપી હતી જય અંબે મલ્ટીસ્પેશિયાલીટી હોસ્પિટલ તરફથી તમામ દર્દીઓને મફત દવાઓ આપવામાં આવી હતી આ કેમ્પને સફળ બનાવવા વિજયભાઈ મશરૂ અને હિમાંશુભાઇ મશરૂ એ ભારે જેહમત ઉઠાવીને કેમ્પ ને સફળ બનાવ્યો હતો

તસ્વીર - અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર

# માણાવદર સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે કોરોના વેકસીનેસનો પ્રથમ કેમ્પ યોજાયો



માણાવદર તાલુકાના સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે કોરોના વેકસીનેશન નો પ્રથમ કેમ્પ યોજાયો હતો. જેમાં પ્રથમ ૬૭ આરોગ્ય કર્મચારીઓ ને રસી આપવામાં આવી હતી. જેમાં માણાવદર તાલુકા ના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માં ફરજ બજાવતા મેડિકલ ઓફિસર , ફ્રામાસિસ્ટ, ડેટા ઓપરેટર તેમજ કોરોના કહેર વચ્ચે પોતાના જીવન ની પરવા કર્યા વિના ફરજ બજાવી છે. તેવા ફિલ્ડ વર્કર ના કર્મચારીઓ ને રસી મુકવામાં આવી હતી. માણાવદર તાલુકા માં કોરોના વેકસીનેશન નો આજ થી પ્રારંભ થયો છે. હાલ ૬૭ આરોગ્ય કર્મચારીઓ ને રસી આપવામાં આવી છે.તબબકા વાર આરોગ્ય કર્મચારીઓ ને રસી મુકવામાં આવશે.કોરોના રસી ને કારણે કોઈ પણ આડઅસર જોવા મળી નથી.તેથી લોકોને પણ જયારે કોરોના ની રસી આપવામાં આવે ત્યારે કોઈ પણ જાતના ડર રાખીયા વિના રસીકરણ નો લાભ લઈ કોરોના નાબુદી ના સરકાર ના અભિયાન માં સાથ આપવા જણાવ્યું હતું.

તસ્વીર - અહેવાલ - જીજ્ઞેશ પટેલ માણાવદર

# તિલકવાડા સાવલી ગામે થી મોટરસાયકલની ચોરીની ફરિયાદ.

રાજપીપળા,તા.૨૪

તિલકવાડા તાલુકાના સાવલી ગામે થી મોટરસાયકલ ચોરીની ફરિયાદ તિલકવાડા પોલીસ મથકે નોંધાઈ છે.જેમાં ફરિયાદી શૈલેષભાઈ જેસલભાઈ ભીલ (રહે,દેવલીયા,ટેકરા ફળિયું ) એ કોઈ અજાણ્યા ઈસમ સામે ફરિયાદ કરી છે.

ફરિયાદની વિગત મુજબ કોઇ અજાણ્યા ઈસમ ફરિયાદી શૈલેષભાઈ જેસલભાઈ ભીલ (રહે,દેવલિયા,ટેકરા ફળિયું )ની હોન્ડા સાઈને કાળા કલરની પીડા પટ્ટાવાળી મોટરસાયકલ નંબર જીજે ૨૨ ૯૮૮૮ ની કિં.રૂ. ૪૦૦૦૦/- તા. ૨૧/૧/ ૨૧ ના રોજ રાતના સમયગાળા દરમિયાન ચોરી કરી નાસી જાય ગુનો કરતાં પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રિપોર્ટ: જ્યોતિ જગતાપ, રાજપીપળા



**આજે વહેલી સવારે ભાવનગર-અમદાવાદ હાઇવે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બે લોકોના મોત થયા છે. આ અકસ્માત પીપળી વટામણ હાઇવે પર ટ્રક અને કાર વચ્ચે થયો હતો. અકસ્માત એટલો ભયંકર હતો કે કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો. મૃતદેહોને બહાર કાઢવા માટે ક્રેનની મદદ લેવાઇ હતી. બનાવની જાણ થતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઇ હતી. મળતી માહિતી મુજબ ભાવનગર-અમદાવાદ હાઇવે પર પીપળી વટામણ રોડ પાસે ટ્રક અમદાવાદ તરફ જઇ રહ્યો હતો, જે સામેથી આવતી કાર સાથે અથડાયો હતો. અકસ્માતનો ભોગ બનનાર કાર તેલંગણા પાસિંગની છે. અકસ્માત એટલો ભયંકર હતો કે કારના આગળના ભાગના ફૂરચેફૂરચા ઉડી ગયા હતા. કારમાં ૫ લોકો સવાર હતા. જેમાં બે લોકોના ઘટનાસ્થળે જ મૃત્યુ નિપજ્યુ હતુ. બનાવની જાણ થતાં લોકો એકઠા થયા હતા અને પોલીસને જાણ કરી હતી. ફોટો સ્ટોરી કુશલ ભાઈ ભટ્ટ**

# દેડીયાપાડા પોલીસ સ્ટેશન વિસ્તાર મોસ્કુવા, સીગલવાણ ફળિયાના આરોપી પાસેથી ગેરકાયદેસર વિસ્ફોટક પદાર્થ ઝડપાયો

રાજપીપળા,તા.૨૪

નર્મદા જિલ્લાના દેડીયાપાડા પોલીસ સ્ટેશન વિસ્તાર મોસ્કુવા, સીંગલવાણ ફળિયાના આરોપી પાસેથી ગેરકાયદેસર વિસ્ફોટક પદાર્થ ઝડપી પડ્યો છે.જેમાં જીલેટીન સ્ટીક નંગ.૪૭ તથા ઈલેક્ટ્રીક ડિટોનેટર નંગ.૪૭ મોબાઈલ ફોન સહિત કુલ કિં.રૂ. ૩૭૯૦/- ના મુદ્દામાલ સાથે આરોપીની ધરપકડ કરી અન્ય એક ઈસમને વોન્ટેડ જાહેર કરાયો છે.

પોલીસ સૂત્રોના સત્તાવાર જણાવ્યા અનુસાર નર્મદા જિલ્લા પોલીસ અધિક્ષક હિંમકરસિંહ ના ઓ ના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર કે. ડી. જાટ એસઓજી શાખા નર્મદા તથા એસ.ઓ.જી શાખાને સ્ટાફના માણસો દ્વારા એએસઆઇ રવિન્દ્રભાઈ ઈશ્વરભાઈની બાતમીના આધારે ગંભીરભાઈ સુખલાલભાઈ વસાવા (રહે મોસ્કુટ, સીગલવાણ ફળિયુ) પાસેથી ગેરકાયદેસર વિસ્ફોટક મુદ્દામાલ જીલેટીન સ્ટીક નંગ.૪૭ તથા ઈલેક્ટ્રીક ડિટોનેટર નંગ.૪૭ મોબાઈલ ફોન કી.રૂ.૫૦૦/- સહિત કુલ કિં.રૂ. ૩૭૯૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ તથા આ મુદ્દામાલ આપનાર સુરેશભાઈ ભવરલાલ મારવાડી (રહે, સેલાંબા) ને વોન્ટેડ જાહેર કરી દેડિયાપાડા પોલીસ સ્ટેશનમાં એક્ષપ્લોઝીવ મુજબનો ગુનો રજિસ્ટર કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.